**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ **૬-૦૦** વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫-૦૦** આજીવન **૨૫૧-૦૦**

વિદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦-૦૦ (વિમાનથી) આજીવન ૩૦૦૦-૦૦

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧. ફોન : **૨૫૬૫૮૧૧, ૨૫૬૦૬૪૯**
- ADHYATMA Email Address : adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઇ કલોલા(કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સનાબેન બી. ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર–૧. ફોન : ૩૨૯૦૫૦૭

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

**You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"**

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| જીવો જીવસ્ય જીવનમ્ | શ્રી યોગેશ્વરજી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૬ |
| સભાન શાશ્વતી | પ્રો. તરલા દેસાઇ | ૧૦ |
| નવી પ્રણાલિ | નારાયણ હ. જાની | ૧૬ |
| પૂ. માની સર્વજીવો પ્રત્યેની અનુકંપા | નારાયણ હ. જાની | ૨૦ |
| મા–પ્રભુની દિવ્ય ભૂમિકા | શ્રી રાજુભાઇ જાની | ૨૩ |
| બ્રહ્મસંબંધ એટલે શું? | પ્રો. પટેલ શિલ્પાબેન કે. | ૨૫ |
| જીવનદર્શનના પંથે | ડૉ. પ્રકાશ ગજ્જર | ૨૯ |
| કેટલાંક સંતવચનો | તંત્રી | ૩૩ |
| સમંદરને પેલે પાર | મા સર્વેશ્વરી | ૩૫ |
| ટૂંકા પ્રવાસમાં | યોગેશ્વર | ૪૫ |
| 'મા'નું વ્હાલું બાળ | પૂ. મા સર્વેશ્વરી | ૪૬ |
| પૂ. શ્રી કાલીદાસભાઇ | મા સર્વેશ્વરી | ૪૭ |
| સંચિત કર્મોનું પ્રાબલ્ય | શ્રી મીનાબહેન વોરા | ૫૫ |
| શ્રીવિષ્ણુસહસ્ર સમશ્લોકી | શ્રી યોગેશ્વરજી | ૫૯ |
| રસેશ્વરી | શ્રી યોગેશ્વરજી | ૬૧ |

# જીવો જીવસ્ય જીવનમ્

**શ્રી યોગેશ્વરજી**

આપણે ત્યાં પ્રાચીન કાળથી માંડીને અર્વાચીન કાળપર્યંત પરંપરાગત રીતે પેલી પંક્તિ કે ઉક્તિ ચાલી આવે છે. એનું સ્મરણ, રટણ કે પારાયણ પણ વારંવાર થયા કરે છે. એ પંક્તિ કે ઉક્તિ છે જીવો જીવસ્ય જીવનમ્. એનો સામાન્ય ઉપલક અર્થ એવો થાય છે કે એક જીવ બીજા જીવનું જીવન છે. એક જીવ બીજા જીવનો ખોરાક છે. એક જીવ જીવના આધારે જ ટકે છે. મોટા જીવો નાના જીવોનું ભક્ષણ કરી જાય છે. સાપ દેડકાંને, મગરમચ્છ માછલાંને, વાઘસિંહ સસલાંને, તથા હરણને, અને એવી રીતે બળવાન પ્રાણીઓ એમનાથી ઓછા બળવાનને અથવા નિર્બળને મારી નાંખે છે અથવા એમનો આહાર બનાવે છે. સમસ્ત સૃષ્ટિચક્ર એવી રીતે પારસ્પરિક હિંસાના આધાર પર જ ચાલી રહ્યું છે. એવી હિંસા જીવનના ધારણપોષણને માટે અનિવાર્ય અને નૈસર્ગિક છે. માનવ પણ એ નિયમમાંથી મુક્ત નથી. એ પણ માંસાહાર કરે છે. અને ના કરતો હોય તો પણ અનાજ, ઔષધિ, દૂધ, ફળ, પાણીનું સેવન કરે છે. તે પણ જીવતત્ત્વથી મુક્ત નથી. પ્રત્યેક પદાર્થમાં દૃષ્ટ અથવા અદૃષ્ટ, સ્થૂલ કે સૂક્ષ્મ અને સૂક્ષ્માતિ સૂક્ષ્મરૂપે જીવતત્ત્વ હોય જ છે. આપણી આજુબાજુની ને આપણે જે લઇએ છીએ તે હવામાં પણ જીવતત્ત્વ વિદ્યમાન હોવાથી, આપણું સમગ્ર જીવન પણ, આદિથી માંડીને અંતસુધી જીવોના આધારે જ ચાલતું હોય છે. જીવનનો પાયો હિંસા જ છે.



એ વાતને યથાર્થ માનીએ તો પણ એટલી હકીકત તો નિર્વિવાદ છે કે હિંસા બે પ્રકારની છે. એક પ્રકારની હિંસા જીવનના ધારણપોષણને માટે ના છૂટકે થનારી, અજ્ઞાત રીતે થનારી, અનિવાર્ય હિંસા છે. એમાં પવન, પાણી, દૂધ, ફળ, ઔષધિ અને અન્નના ઉપયોગનો સમાવેશ થઇ જાય છે. જીવનને ટકાવી રાખવા માટે એની આવશ્યકતા હોવાથી ધર્મસંમત હિંસા કહેવાય છે, પરંતુ એથી ઉલટું, જે હિંસા શોખ, ટેવ કે વ્યસનને ખાતર કરવામાં આવે છે, જેની જીવનના ધારણપોષણ માટે અનિવાર્ય આવશ્યકતા નથી હોતી, તેને ધર્મવિરોધી, અધર્મયુક્ત હિંસા તરીકે ઓળખવામાં આવે છે. એ હિંસા વર્જ્ય મનાવી જોઇએ. એનો કોઇએ કારણસર કદી પણ પુરસ્કાર ના કરી શકાય. એને આદર્શ, અનુકરણીય, અભિનંદનીય ના મનાય. માનવને માટે શરીરના ધારણપોષણ માટે દૂધ, ફળ, અન્નની વૈકલ્પિક નૈસર્ગિક વ્યવસ્થા હોવાથી માંસાહાર અથવા અન્ય પ્રાણીઓનો પોતાને માટેનો સંહાર અયોગ્ય, અનૈસર્ગિક કહેવાય. અને એનું કોઇએ સંજોગોમાં સમર્થન ના કરી શકાય. જીવો જીવોના આધારે ટકતા હોય તો પણ એટલા જ કારણથી એક જીવને બીજા જીવને હણવાનો હક અભિનંદનીય, અનુકરણીય કે ઉત્સાહવર્ધક નથી. સુશિક્ષિત, સુસંસ્કૃત, સુધારાના સર્વોચ્ચ શિખર પર પહોંચ્યા હોવાનો દાવો કરનારા માનવને માટે આશીર્વાદરૂપ નથી પરંતુ અભિશાપરૂપ છે. ભૂષણ નથી પરંતુ દૂષણ છે, ગૌરવવર્ધક નથી પરંતુ ગૌરવનાશક કે શરમજનક છે.

એક બીજી વાત. અત્યાર સુધી ''જીવો જીવસ્ય જીવનમ્'' એ વાક્યનો પરંપરાગત પ્રચલિત રૂઢ અર્થ થતો રહ્યો છે. તેમાં

એક નિર્બળ જીવ બીજા બળવાન જીવનો આહાર બને છે. અથવા ભક્ષ્ય છે એવો ભાવાર્થ અભિપ્રેત છે. પરંતુ એ પરંપરાગત પ્રાચીન વાક્યને એક બીજા સારા સંદર્ભમાં પણ સમજી શકાય છે. એ સંદર્ભ નૂતન હોવા છતાં પણ પ્રાણવાન, પૂરક અને સમજવા જેવો છે. એનો સીધો સાદો સરળ સારસંદેશ એટલો જ કે જગતમાં એક જીવ બીજા જીવનું જીવન બને છે, બીજાને પ્રેરણા, હૂંફ, પ્રકાશ, સુખ, શાંતિ તથા શક્તિ ધરે છે, પ્રેમ પ્રદાન કરે છે, અને અન્યને માટે આલંબનરૂપ થઈ પડે છે. વલ્લરી વૃક્ષનો આધાર લઈ આગળ વધે છે. છાયા વૃક્ષનો, ધરતી ચંદ્રનો ને ચંદ્રસૂર્યનો સાથ સહયોગ પ્રાપ્ત કરે છે. બીજમાંથી વૃક્ષ ને વૃક્ષમાંથી બીજ. પશુ, પંખી ને વનસ્પતિ પણ સ્નેહના સ્વર્ગીય મૂક સુધાસભર સંવેદનને અનુભવે છે. માતાપિતા, પુત્રપુત્રી, પતિ-પત્ની, મિત્રો પારસ્પરિક પ્રેમથી પોષણ પામે છે. એકબીજાને માટે આહુતિ ધરે છે. એક આત્માનું સાન્નિધ્ય, સ્નેહસંવેદન, માર્ગદર્શન, સમર્પણ બીજાની જીવનવાડીને લીલીછમ, સૌરભવંતી, સમૃદ્ધિ, સુશોભિત કરે છે. એક આત્મા બીજાને માટે જીવન બને છે. બીજાને ચેતન ધરે છે. માનવે આ વાતને સારી રીતે સમજી લઈને પોતાના જીવનદ્વારા વ્યક્તિગત તથા સમષ્ટિગત રીતે, બીજાના જીવનને જ્યોતિર્મય કરવા, સુખ શાંતિ સમુન્નતિથી સંપન્ન બનાવવા પ્રયત્ન કરવો જોઈએ. અન્યને માટે આલંબન, આધાર બનવું જોઈએ. એક જીવે બીજા જીવના જીવન બનવા, બીજા જીવના જીવનને સુસમૃદ્ધ કરવા બનતું બધું જ કરી છૂટવું જોઈએ.

પેલા પરંપરાથી પ્રચલિત વાક્યને એવી રીતે વિચારવાથી નૂતન પ્રેરણા કે અદ્યતન પ્રકાશની પ્રાપ્તિ થશે. ✡



**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૨૮ જુલાઈ—૨૦૦૭ અંક ૧૦

# શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**તા. ૨૭—૧૨—૮૧ રવિવાર, પોષ સુદ એકમ, વિ. સં. ૨૦૩૮, સ્થળ : સાન્ટાએના, કેલીફોર્નિયા, અમેરિકા.**

સવારે બધો જ ક્રમ સમયસર રહ્યો. મુલાકાતમાં આજે 'ભગવાન' શબ્દનો અર્થ પૂછાયો.

પૂ. શ્રીએ કહ્યું : 'ભગ' એટલે છ પ્રકારના વિશેષ પરિબળો. શક્તિ, ઐશ્વર્ય, વિવેક, વૈરાગ્ય, જ્ઞાન, પ્રેમ. જેનામાં તે પરિપૂર્ણ હોય તે ભગવાન.

વળી બીજા પ્રશ્નો પણ પૂછાયા. એક બેને એક સંતપુરુષ પાસે મંત્ર લીધો હતો. એ અંગે પૂ. શ્રી પાસે તેમણે માર્ગદર્શન મેળવ્યું. તો તે સંતપુરુષે તેમને મંત્રને બદલે શ્લોક જ મંત્રરૂપે આપ્યો હતો! વળી તે સંતપુરુષે ૫૦૧ ડોલર ગુરુદક્ષિણામાં આપ્યા તે ઓછા છે એમ કહ્યું હતું! વળી દર મહિને તેમને

અમુક રકમ મોકલવી, એ બધી જ વાતો તે બેને પોતાનું હૈયું ઠાલવતાં કહી.

પૂ. શ્રીએ તેમની માગણીના જવાબરૂપે મંત્ર આપ્યો, રીત બતાવી. પૂ. શ્રી તો ગુરુદક્ષિણામાં કશું જ લેતા નથી જેથી તે બેન પ્રણામ કરી વિદાય લે છે.

આજે ભોજનમાં ખીચડી, શાક, દૂધ પૂ. શ્રીએ લીધાં. ભોજન બાદ શ્રી કંચનબેન અને એમના પતિ પૂ. શ્રીને મળ્યા. જેમાં તેઓએ પોતાનો પ્રેમભાવ બતાવી કહ્યું, 'ફરી વહેલા પધારજો. જ્યારે પણ મા જગદંબા આજ્ઞા કરે ત્યારે અમને જણાવજો. અમારાથી કંઈ ભૂલ થઈ હોય તો, સેવા બરાબર ન થઈ હોય તો માફ કરજો.' વળી કંચનબેને પોતાની ડાયરીમાં પૂ. શ્રી પાસે સાધનાપંથે મૂંઝવણ આવે ત્યારે પ્રેરણા મળે એવું કંઈક લખાવી લીધું. પૂ. શ્રીએ તેમને પ્રાર્થના જેવા બે—ત્રણ વાક્યો લખી આપ્યાં. પતિપત્ની પ્રણામ કરી વિદાય થયાં. પૂ. શ્રીએ આરામ કર્યો. પોતાની બેગમાં પૂ. શ્રીએ લેખનકાર્યના કાગળો વગેરે મૂકી દીધું.

સાંજે ધ્યાનની બેઠક થઈ. સૌએ હાજરી આપી. ધ્યાન બાદ સત્સંગ શરૂ થયો. આજે સત્સંગ પહેલાં શ્રી ઈશ્વરભાઈએ બે ભજનો અને શ્રી ભગવાનભાઈએ એક ભજન ગવડાવ્યું. જેના શબ્દો હતા : 'ઠાકુર આયા શરણમેં તેરી'. પૂ. શ્રીએ એ ભજન ઉપર જ અડધો કલાક વાર્તાલાપ આપ્યો. પછી વળી શૂર્પણખા-નો પ્રસંગ શ્રોતાઓની ઈચ્છાથી ગાઈ સંભળાવ્યો. શ્રોતાઓએ પણ તે કાવ્યગાન પ્રેમથી ઝીલ્યું. પછી થોડી પ્રશ્નોત્તરી થઈ. જેમાં નીચના પ્રશ્નો ચર્ચાયા.

પ્રશ્ન : ત્રાજવાના બે પલ્લામાંથી એકમાં પ્રભુ ને એકમાં



જગતના બધા આત્મા મૂકીએ તો કયું પલ્લુ વજનદાર બને?

પૂ. શ્રી : બંને પલ્લાં સરખા જ રહે. કારણ 'સર્વખલુ ઇદમ્ બ્રહ્મ!' એક તરફ પ્રભુ ને બીજી તરફ પણ પ્રભુનાં જ રૂપો. તાત્ત્વિક રીતે કોઈ ભેદ નથી. સમુદ્ર ને તરંગમાં. કનક ને કુંડલમાં કોઈ ભેદ છે ખરો! એમ આત્મા ને પરમાત્મા, જીવ ને શિવ, બધા જ સરખા છે. જે વિશ્વની બહાર વ્યાપ્ત છે તે પર-માત્મા. જે સૃષ્ટિનું સર્જન કરે તે પરમાત્મા ને જે આત્મારૂપે રહે છે તે બધા જ રૂપોમાં કોઈ ભેદ નથી.

પ્રશ્ન : ઘણા પોતાને ભગવાન કેમ કહેવડાવે છે?

પૂ. શ્રી : કહેવડાવનારા જાણે. જુઓ કેટલાકને ભક્તોએ ભગવાન કહ્યા. જેવા કે રામ, શિવ, કૃષ્ણ. કેટલાકને ભક્તોએ જીવતા જ ભગવાન કહ્યા, મંદિરો બાંધ્યા. કેટલાક પોતાની મેળે જ ભગવાન કહેવડાવવા લાગ્યા. તો ભગવાન ભગવાનમાં ફેર છે તે સમજી લો.

સત્સંગ બાદ ભજનો ગાવાનું બન્યું. ત્યારે શ્રોતાઓમાંના એક બેને 'હરિ તારા નામની ચૂડી.' ભજન સાંભળવાની ફરી ઈચ્છા બતાવી. જેથી સર્વેશ્વરી તે અને બીજું એક ભજન પણ સંભળાવે છે. ભજન બાદ સૌ પ્રણામ કરી વિદાય થયા. ભક્ત સમાજ ઓફ યુ.એસ.એ.ના પ્રમુખ શ્રી છગનભાઈએ પોતાની ડાયરીમાં સર્વેશ્વરી પાસે ભજન લખાવ્યું. સૌ છૂટા પડ્યા. આજે છેલ્લો દિવસ હોવાથી સૌના મુખમાં 'ફરી ક્યારે મળીશું' એ પ્રશ્ન હતો.

અમેરિકાના નિવાસ દરમ્યાન વિવિધ સત્સંગપ્રિય જીવોનો પરિચય થયો. વિવિધ સ્થળોમાં જવાનું બન્યું. એકંદરે આનંદ રહ્યો. પરંતુ કાયમ માટે અહીં રહેવાનું ના ગમે એ સ્વાભાવિક

છે. સમયના અભાવે સેક્રામેન્ટો, સ્ટોકસ્ટન ન જઈ શકાયું. તે સૌનો ખૂબ આગ્રહ છતાં. બીજી વાર હવે આવવાનું થાય તો જરૂર લાભ આપીશું એમ કહી તે સૌને આશ્વાસન આપ્યું.

શ્રી કંચનબેન, શ્રીભગવાનભાઈએ ખૂબ પ્રેમપૂર્વક શ્રદ્ધા-ભક્તિથી પૂ. શ્રીની સંભાળ રાખી. શાસ્ત્રોના ગંભીર ચિંતન મનનની વાતોમાં ૨૬ દિવસો વીતી ગયા. એકંદરે એ બંનેને ખૂબ ખૂબ સત્સંગનો, સેવાનો લાભ મળ્યો. અહીં વધારે રહેવા-નું થયું જેથી નજીકના પરિચયમાં આવવાનું બન્યું.

સેક્રામેન્ટોથી લાભ લેવા આવનાર શ્રીમનહરભાઈ, જૈન-ધર્મી છે. પાણી વિનાના ઉપવાસનું મહત્ત્વ તેમણે તેમના જીવન-માં વણી લીધું છે. શનિવાર પાણી વિનાના કરે છે. વળી હાથે ભોજન બનાવી લે છે. ઉંમર માત્ર ૩૦ વરસની છે છતાં આર્થિક રીતે પાંચ મોટલના તેઓ માલિક છે. નાની ઉંમરમાં સારી કમાણી છે. હવે પરમાર્થની કમાણી કરવાની તેમની પૂર્ણ તૈયારી છે. સાચા સંતોનો સત્સંગ તેઓ શોધે છે. પૂ. શ્રીને તેઓ પ્રથમ વાર સેક્રામેન્ટોથી આવીને સાન ફ્રાન્સીસકો મળે છે. ત્યાં ફક્ત એક કલાકનો સત્સંગ પૂ. શ્રી સાથે થયો. ત્યાં જ તેમણે સેક્રામેન્ટો આવવા આમંત્રણ આપ્યું. ત્યાં સંજોગવશાત ન જઈ શકાયું તો એ ભાઈ પોતે લાભ લેવા આવી પહોંચ્યા! ધન્ય છે એમની ધર્મભાવનાને! પૂ. શ્રીનો તેમણે અહીં બે દિવસ લાભ લીધો. એમને ખૂબ આનંદ થયો. અને ધ્યાનની પદ્ધતિ પૂ. શ્રીએ બતાવી તે પણ તેમણે ખૂબ ઉત્સાહભેર વધાવી લીધી. તેમને ખૂબ જ સંતોષ થઈ ગયો. આવા એકાદ સાચી તરસ-વાળા જીવ માટે અહીં આવવું સાર્થક થયું ગણાય. હરિઃ ૐ

(ક્રમશઃ)



### 'શ્રી રમણ મહર્ષિ સાથેના વાર્તાલાપો'

# 'સભાન શાશ્વતી'

સંપાદન : પૉલ બ્રન્ટન—વેંકટશમૈયા
અનુવાદ : પ્રો. તરલા દેસાઈ

## પીડા

[સભાન શાશ્વતીનો સાદો અર્થ એ છે કે દરેક વ્યક્તિ આત્મશક્તિથી જ જીવે છે. પણ તે એમ માને છે આ શરીર એ જ હું છું ને તેનાથી જ જીવું છું. પરંતુ સત્ય એ છે કે માણસનું જીવન આત્મશક્તિથી જ ચાલે છે. એ વાત સતત યાદ રાખી—જાગૃતપણે જીવવું એ સભાનશાશ્વતી છે. **—તંત્રી**]

[સૃષ્ટિના પ્રારંભથી જ અનિષ્ટ અને વિષાદ છે. તમે પૂછો છો કે ઋષિઓ આ સ્થિતિનો ઉપાય કેમ કરતા નથી? વેદો અસુરોની વાત કરે છે, જે બહુ પહેલેથી અસ્તિત્વ ધારી ચૂક્યા છે. સૃષ્ટિમાં વિરોધનું એક બળ છે જે વિષમતા અને પીડા ઊભાં કરે છે પણ માનવજાતના વિકાસ અને ઉત્થાન માટે એ કામ આવે છે. એ કુદરતનું એક બળ છે જે સારા તત્ત્વ—ઇષ્ટ સાથે અસ્તિત્વ ધરાવે છે.]

પ્રશ્ન : વિશ્વનાં આ સર્વ પીડા અને અનિષ્ટનો હેતુ શું છે?

મહર્ષિ : તમારો પ્રશ્ન જ પીડાના ઊભરારૂપ છે. વિષાદ મનુષ્યને ઈશ્વરનો વિચાર કરવા પ્રેરે છે. જો એ પીડાકારક ન હોત તો તમે પ્રશ્ન પૂછ્યો હોત ખરો? જ્ઞાનીને બાદ કરતાં રાજાથી માંડીને ખેડૂત સુધી દરેકને કંઈક ને કંઈક દુઃખ હોય છે. કેટલાકની બાબતમાં એની અનુપસ્થિતિ દેખાય પણ એમાં સમયનો સવાલ હોય છે. વહેલું કે મોડું દુઃખ આવે જ છે.

પહેલા પ્રહારે કોઈ દુઃખ કે ઈશ્વર અંગે પ્રશ્ન ન પણ કરે, પણ એનું પ્રમાણ વધી જતાં એમ બને છે. આ દેહરૂપી વાહન આપણું સાચું સ્વરૂપ જાણવા માટે જ મળ્યું છે.

પ્રશ્ન : પૂર્ણ પાસેથી અપૂર્ણતા કેમ આવે છે?

મહર્ષિ : સૃષ્ટિના પ્રાગટ્ય માટે એ ન હોત તો આપણે સાચા સ્વરૂપ અંગે વિચાર્યું જ ન હોત! પ્રાગટ્યનો હેતુ તમારે માટે તેનું કારણ જાણવા માટેનો છે. જ્યારે તમે તમારું સાચું સ્વરૂપ જાણો છો ત્યારે માયા રહેતી નથી. જો તમે તમારી જાતને ન જાણો તો એ તમારો વાંક છે.

પ્રશ્ન : વિશ્વની યોજના ખરેખર કલ્યાણકારી છે?

મહર્ષિ : એ ખરેખર કલ્યાણકારી છે. ક્ષતિ આપણા પક્ષે છે. જ્યારે આપણે ભૂલ સુધારી લઈએ છીએ ત્યારે આખી યોજના મંગળમય બની જાય છે.

પ્રશ્ન : સમષ્ટિની પીડા દૂર કરવી શક્ય કઈ રીતે બને?

મહર્ષિ : આત્માને ઓળખો—બસ એટલું જ જરૂરી છે.

પ્રશ્ન : દુનિયા ભૌતિકવાદી છે. એને માટે કયો ઉપાય કરવો?

મહર્ષિ : દુનિયા ભૌતિક છે કે આધ્યાત્મિક એ તમારા દૃષ્ટિ-બિંદુ પર આધારિત છે. તમારી દૃષ્ટિ સુધારો. સૃષ્ટિનિયંતા પોતાની સૃષ્ટિની સંભાળ કેવી રીતે લેવી તે જાણે છે.

પ્રશ્ન : દુનિયા પ્રગતિને પંથે છે?

મહર્ષિ : એક એવું તત્ત્વ છે જે દુનિયાનું સંચાલન કરે છે. તેની સંભાળ—દરકાર કેમ લેવી તે તેની મરજીની વાત છે. જેણે સૃષ્ટિને જીવન આપ્યું છે. તેની સંભાળ કેમ લેવી તે પણ જાણે છે. જો આપણે પ્રગતિ કરીએ તો વિશ્વ પણ પ્રગતિ કરે. જેવા



તમે છો એવું જ જગત છે. આત્માને સમજ્યા વિના જગતને સમજવાથી શું સરે? આત્મજ્ઞાન વિના દુનિયાના જ્ઞાનનો કોઈ ઉપયોગ નથી. તમારા પરમ આત્માની આંખોદ્વારા દુનિયાને જુઓ.

પ્રશ્ન : દુનિયામાં દુકાળ અને મહામારી જેવી આપત્તિઓ ફેલાયેલી છે. આ સ્થિતિનું શું કારણ છે?

મહર્ષિ : આ બધું કોને દેખાય છે? તમારી નિદ્રામાં તમે દુનિયા અને તેની પીડાથી સભાન ન હતા. કેવળ તમારી જાગૃતિની અવસ્થામાં તમે એનાથી સભાન છો. એ અવસ્થામાં રહેવાનું ચાલુ રાખો, જેમાં તમે દુનિયાથી સભાન ન હતા અને જ્યારે તેની પીડા તમને અસર કરતી ન હતી. જ્યારે તમે આત્મા તરીકે રહેશો (નિદ્રાની જેમ) ત્યારે દુનિયા અને તેની પીડા તમને અસર કરશે નહિ. તેથી ભીતર જુઓ. આત્માને શોધો. પછી દુનિયા અને તેનાં દુઃખોનો અંત આવી જશે.

પ્રશ્ન : પણ એ સ્વાર્થીપણું છે.

મહર્ષિ : દુનિયા બાહ્ય નથી. કારણ કે તમે તમારી જાતને ખોટી રીતે શરીર માની લો છો. ને દુનિયા જુઓ છો. તેનું દુઃખ તમને દેખાય છે. પણ તે સત્ય નથી. સત્ય શોધો અને મિથ્યા ભાવમાંથી મુક્ત થાઓ.

પ્રશ્ન : મહાન વ્યક્તિઓ. પ્રજાના સેવકો છે પણ તેઓ દુનિયાનું દુઃખ દૂર કરી શકતા નથી.

મહર્ષિ : તેઓ અહમ્‌કેન્દ્રી હોવાથી અસમર્થ રહે છે. જો તેઓ આત્મસ્થ હોત તો તેઓ જુદા જ હોત.

પ્રશ્ન : આ દુઃખપૂર્ણ દુનિયામાં આત્માના પ્રાગટ્યનો શો હેતુ?

મહર્ષિ : કદાચ તમે તેને શોધો એ માટે. તેને શોધો. તમારી આંખો પોતાને સ્વયં જોઈ શકે નહિ પણ તેમની સામે આયનો મૂકો અને પછી, પછી જ તેઓ તેઓને જોઇ શકશે. એવું જ સૃષ્ટિની બાબતમાં છે. પહેલાં તમારો આત્મા જુઓ અને પછી આખી સૃષ્ટિને આત્મા તરીકે જુઓ.

પ્રશ્ન : વિશ્વમાં દુઃખ અને અનિષ્ટ કેમ છે?

મહર્ષિ : એ ઈશ્વરની ઇચ્છા છે.

પ્રશ્ન : શા માટે?

મહર્ષિ : તે અકળ છે. એ શક્તિપર કોઈ હેતુનું આરોપણ થઇ શકે નહિ. એ સર્વસમર્થ સર્વશક્તિમાન પરમતત્ત્વને નથી હોતી કોઇ ઇચ્છા, નથી હોતો કોઇ આશય સિદ્ધ કરવાનો! સૂર્યની જેમ ઈશ્વર પણ તેની ઉપસ્થિતિમાં જે કોઇ પ્રવૃત્તિઓ થતી હોય છે એનાથી અસ્પૃષ્ટ હોય છે. જો મન અતૃપ્ત હોય કે કોઈ ઘટનાને કારણે વ્યગ્ર હોય તો એના નિરાકરણ તરીકે ઈશ્વરની ઇચ્છા સ્વીકારી લેવી એ સારો વિચાર છે, આ રીતે જવાબદારી અને મુક્ત ઇચ્છાનો ખ્યાલ ત્યજી દેવામાં ડહાપણ-ભર્યું છે. ઈશ્વરના સાધન તરીકે આપણી જાતને માની, એને ગમે એવી પ્રવૃત્તિ કરવી અને પીડા સહન કરી લેવી.

પ્રશ્ન : પૂર્ણતામાં અપૂર્ણતા કેમ છે?

મહર્ષિ : કોને માટે આ સાપેક્ષતા છે? કોને માટે અપૂર્ણતા છે? પરમતત્ત્વ અપૂર્ણ નથી. પરમતત્ત્વ તમને કહે છે કે તે આવૃત્ત છે? એ વિશિષ્ટ આત્મા છે જે કહે છે કે પરમતત્ત્વને કશુંક આવરી રહે છે.

પ્રશ્ન : આપણને લાગે છે કે વસ્તીવધારાને લીધે ઘણાં દુઃખો છે પણ જો આપણે જ ન હોત તો દુઃખ પણ અદૃશ્ય થઇ જાત.



મહર્ષિ : આ દુઃખનું કારણ આપણા જન્મનું કારણ શોધીને પામી શકીએ. જે જન્મ્યો છે તે અહંકાર જો જાણી લેવાય તો અનિષ્ટો અદૃશ્ય થઇ જાય.

પ્રશ્ન : હું રોગ અને મૃત્યુના ભયથી ઘેરાઇ જાઉં છું.

મહર્ષિ : કોને રોગ થાય છે? તમને તે થાય છે? જો તમે કોણ છો તે તમે પૃથક્કરણ કરો તો જાણશો કે રોગ તમને અસર કરી શકે નહિ. તમે શું છો? તમે મૃત્યુ પામો છો? આત્મા વિશે વિચારો, એનો સાક્ષાત્કાર કરો.

પ્રશ્ન : હું પ્રયત્ન કરું છું પણ એ મારા મનમાં બહુ ટકતો નથી.

મહર્ષિ : અભ્યાસથી પૂર્ણતા સધાય.

પ્રશ્ન : એ દરમ્યાન?

મહર્ષિ : ત્યાંસુધી દુઃખ કરવાની જરૂર નહિ.

પ્રશ્ન : અમારે દુનિયાદારીઓને એક યા બીજા પ્રકારની વેદના રહે જ છે. અમે સહાય માટે પ્રાર્થના કરીએ છીએ અને હજી સુધી તૃપ્ત નથી થયા. અમારે શું કરવું?

મહર્ષિ : ઈશ્વરમાં શ્રદ્ધા રાખો. જો તમે શરણાગતિ સ્વીકારો છો તો તમારી ઇચ્છા અનુસાર પરિસ્થિતિ ન ચાલે તો એનો સંતાપ ન કરો અને એની ઇચ્છાને અધીન રહેવા સમર્થ રહેવું જોઇએ. તે જેવી (પરિસ્થિતિ) દેખાય છે એના કરતાં અલગ પણ નીવડી શકે. હતાશા ઘણીવાર લોકોને ઈશ્વરમાં શ્રદ્ધા રાખવા પ્રેરે છે.

પ્રશ્ન : દુઃખભર્યા જગતમાં આત્માની શોધ કરવી સ્વાર્થભરી નથી?

મહર્ષિ : સાગર એનાં મોજાંથી સભાન હોતો નથી. એ જ રીતે આત્મા તેના અહંકારથી સભાન નથી હોતો.

★ ★ ★

જો મનુષ્યનું સુખ બાહ્ય સંજોગો અને મિલ્કતોને કારણે હોત તો કોઈ પણ સંપત્તિ વિનાના કોઈ પણ મનુષ્યને સુખ ન હોત. સાચો અનુભવ આ દર્શાવે છે? ના. ગાઢ નિદ્રામાં માણસ તેની તમામ સંપત્તિ, તેના શરીરથી પણ રહિત હોય છે. પણ તે દુઃખી બનવાને બદલે પરમ મુક્તિનો આનંદ અનુભવે છે. દરેકને ગાઢ નિદ્રાની ઝંખના નથી હોતી? તેથી સુખ બહિર્ગત કારણો પર નિર્ભર નથી, પણ આત્મામાં પાછા ફરવામાં છે. જ્યારે શુદ્ધ 'હું', સત્યનું વિસ્મરણ થાય છે ત્યારે સર્વ પ્રકારનાં દુઃખો ઊભાં થાય છે પણ જ્યારે આત્માની પકડ દૃઢ હોય છે ત્યારે દુઃખો તેને અસર કરતાં નથી. આત્મબહિષ્કાર કે આત્મભાનનું અનુસંધાન તૂટવું એ સર્વ દુઃખનું કારણ છે.

(ક્રમશઃ)

મારી સામગ્રી બધી, ને મન ઇંદ્રિય દેહ;
કદા ઊછળતા પ્રેમથી, પ્રભુને અર્પીશ તેહ?
મારું સૌ પ્રભુનું ગણું, કરી કપટનો ત્યાગ;
કદા મારું હું નહિ ગણું, કરી પ્રભુપદ—અનુરાગ.



**નવસર્જનની વિધિનું ખાતમુહૂર્ત સૌ પાસે પૂ. માએ કરાવ્યું.**

# નવી પ્રણાલિ

**નારાયણ હ. જાની**

તા. ૧ જુલાઈ ૨૦૦૭ અંબાજી ખાતેના સ્વર્ગારોહણ માટે નવસર્જનની પ્રારંભની પ્રક્રિયાના મંગલ પ્રારંભનો દિવસ બની રહ્યો. તે દિવસે પૂ. માના નવા નિવાસના નિર્માણ માટે ભૂગર્ભમાં જે બાંધકામ કરવાનું છે, ત્યાં સર્વ ઉપસ્થિત સાધક ભાઈ બહેનોના હસ્તે ચંદન અર્પણથી ભૂમિપૂજનની વિધિ થઈ. લગભગ ૪૦૦ જેટલા સાધક ભાઈબહેનોએ તેમાં પ્રત્યક્ષ ભાગ લીધો. જો કે તેનો પ્રારંભ પવિત્ર ગંગાજલના છંટકાવ તથા ચંદનાર્પણની વિધિ શ્રી નારાયણભાઈ જાની, સદ્‌ગત શ્રી બાબુભાઈ વોરાના પ્રતિનિધિ તરીકે શ્રી જયશ્રીબેન તેમજ શ્રી શાંતિભાઈ કનેરિયાના હસ્તે કરાવવામાં આવી, ત્યારે ૐ યોગેશ્વર રક્ષમામ્, મા સર્વેશ્વરી પાહિમામ્ તથા ૐ યોગેશ્વરાય નમઃ ના સમૂહગાનના મંગલધ્વનિથી સમગ્ર વાતાવરણ ગૂંજી ઊઠ્યું.

આ એક નવી પ્રણાલિ થઈ. કેવળ બે ચાર વ્યક્તિઓ પાટલા ઉપર બેસી પૂજા કરે ને પુરોહિત મંત્રો ભણી જાય. તેને બદલે દરેક ઉપસ્થિત સાધક ભાઈબહેન પોતાની સદ્‌ભાવના સાથે ભૂમિને ચંદન અર્પણ કરી, અગિયાર પ્રણામો વડે આ નવસર્જનના સ્થાનને વંદન કરે—એ કેટલું બધું સરસ! સહુને એમ લાગ્યું કે અમે ભૂમિપૂજનમાં પ્રત્યક્ષ ભાગ લીધો—એમાં થોડોક પણ અમારો હિસ્સો બની રહ્યો.

પૂ. માએ કુટિયાની પ્રદક્ષિણા કરી—પૂજન અને વંદનમાં ભાગ લીધો. જો કે અગાઉ બન્ને પગોમાં થયેલ અકસ્માતને લીધે પૂ. મા માટે આ ઉબડખાબડ ધરતી પર ચઢ ઉતર કરવી ખરે જ કષ્ટપ્રદ હતી, છતાં પૂ. મા એને ગણતરીમાં થોડાં લે! તેઓએ તો બે વિભાગમાં જે ખોદાણ થયેલું તેમાં સર્વસાધકો સાથે રહી—બે કલાક સુધી ઊભા રહી બધી જ ક્રિયાઓમાં સાધકોને માર્ગદર્શન આપ્યું. આ વખતે તડકો પણ ભારે હતો; છતાં સૌએ ઉત્સાહપૂર્વક એમાં ભાગ લીધો.

સ્વર્ગારોહણના બીજા વિભાગમાં સાધકો માટે જે નવા વિભાગનું સર્જન થવાનું છે, તેમાં સુધારેલા પ્લાન પ્રમાણે ''ભોંયરૂ'' પણ થશે. અહીં પણ બધા જ સાધકોએ પૂ. માની પ્રત્યક્ષ સૂચના પ્રમાણે પવિત્રિકરણ અને ચંદનથી અર્ચન કરી, ૧૧ પ્રણામો કર્યા. વૃદ્ધ અને શારીરિકરીતે અપાહીઝ લોકોએ પણ ઉત્સાહિત થઈ, આ વિધિમાં ભાગ લઈ, કૃતકૃત્યતા અનુભવી. આ થોડી કષ્ટદાયક વિધિ સૌ કરી શક્યા કારણ કે સૌના પ્રેરણાસ્રોત પૂ. મા પ્રત્યક્ષ ઉપસ્થિત હતાં.

પૂ. માએ એ વ્યવસ્થા પણ કરેલી કે શ્રી કેયૂર શાસ્ત્રી જેવા પવિત્ર વિદ્વાન ને યુવાન પાસે શાસ્ત્રોક્ત મંત્રોના પાઠથી ભૂમિ અને વાતાવરણની શુદ્ધિ થાય. તેમ જ આ ભૂમિની આસપાસ સૂક્ષ્મ સ્વરૂપે વસતા અનિષ્ટકારક તત્ત્વોની મુક્તિ થાય. આ મંત્રગાન સાંજ સુધી ચાલુ રહ્યું.

આ પ્રસંગે સુરત ધ્યાન કેન્દ્રના ૪૨ જેટલા સાધક ભાઈબહેનોએ આ નવનિર્માણમાં પોતાનો આર્થિક સહયોગ સ્વેચ્છાપૂર્વક ધરવાની પહેલ કરી જેને સાધકોએ બીરદાવી. પરંતુ પ્રારંભમાં પૂ. માએ આ લક્ષ્મીદેવીને સ્વીકારવી કે કેમ?



તે માટે સાધકોનો અભિપ્રાય પૂછ્યો, સહુએ તે સ્વીકારવા પૂ. માને અનુરોધ કર્યો. તો શ્રી અશોકભાઈ ગણાત્રાએ તો દરેક ધ્યાનકેન્દ્રોના સાધકને પોતાની શક્તિ મુજબ ફાળો આપવો જોઈએ તેવું સૂચન કર્યું. સુરતના ફાળો આપનાર સાધકોના માત્ર નામો જ જાહેર કર્યા—રકમ નહિ, એ વાત પ્રશસ્ય લાગી કારણ કે તેથી ઓછી રકમ આપનારને કોઈ લઘુતા લાગે નહિ, પૂ. માની કેવી સરસ સૂઝ!

પૂ. માની સૂચના પ્રમાણે આજનો દિવસ સાધના દિન તરીકે ઉજવવાનો હતો. જેટલા બને તેટલા મંત્રજપ અને બાવનીઓ કરવા જણાવ્યું હતું. તે પૂર્ણ થતાં આપવામાં આવેલ કાર્ડમાં નામ સાથે નોંધી તે પરત આપવાના હતા.

આ મંત્રજપ નોંધેલાં કાર્ડ પાયાના પ્રારંભના ચણતર પ્રસંગે એક પાત્રમાં રાખી ભૂમિમાં દાટવામાં આવશે. વિચાર તો કરો કે પ્રભુના કેટલા બધા મંત્રજપ ઉપર આ નવા ભવનનું નિર્માણ થશે? પૂ. માની આ પદ્ધતિ ખરે જ નવનિર્માણના બધા કાર્યોમાં અજમાવવા જેવી છે.

આપણે ત્યાં ધાર્મિક શુભ મંગલ પ્રસંગે ઉપવાસ કરવાની પ્રણાલિ છે એને અનુલક્ષી સહુ સાધક ભાઈબહેનો ને બાળકોએ પણ ફળ ને દૂધનો આહાર લઈ ઉપવાસ રાખ્યો. જો કે પૂ. માની સૂચના પ્રમાણે સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટે કેરી, કેળાં, સફરજન ખજૂર, શીંગદાણા અને દૂધની ભરપૂર વ્યવસ્થા કરેલી જેથી અન્નના ભોજનની યાદ જ ના આવે. પૂ. માને બાળકો ભૂખ્યા રહે એ ના જ ગમે; તો કેટલાકોએ રમૂજમાં કહ્યું ''મા, આવા ઉપવાસ તો રોજ જ કરવામાં આનંદ આવે.''

આ એક દિવસના કાર્યક્રમ માટે ચારસો ઉપરાંત સાધક

ભાઈબહેનો ને બાળકોને જોઈ પૂ. માને ખૂબ પ્રસન્નતા થઈ. આ વખતે કાર્યક્રમના દિવસ પહેલાં કે પાછળ કોઈ રજા ન હતી. વળી શાળાઓ ને કોલેજો હમણાં જ શરૂ થયેલી. વિસર્જનને લીધે ઉતારાની વ્યવસ્થા પણ ખાસ નહિ, ચોમાસા પહેલાની ગરમી અને ભારે વરસાદની ભીતિ, છતાં છેક મુંબઈ, સુરત, વડોદરા, અમદાવાદ રાજકોટ, ભાવનગર, મોરબી વગેરે સ્થાનોથી સહુ સાધકો કોઈ વિશેષ પ્રચાર વગર આવ્યા—ફક્ત પૂ. માના દર્શન અને પ્રસન્નતા ખાતર એ વાત પૂ. માને ખૂબ સ્પર્શી ગઈ. પૂ. માએ આથી જ સૌને લોબીમાં હીંચકે એકધારા કલાકો સુધી બેસી સહુને સાન્નિધ્ય અને દર્શન આપી કૃતકૃત્ય કર્યા; પ્રસાદ આપી આશીર્વાદ પણ ધર્યા. પૂ. માની આ કેવી અનુકંપા!


કર્મ સ્વરૂપથી બંધનકારક છે જ નહિ, પરંતુ કર્મમાં ફલેચ્છા, મમતા, આસક્તિ અને કર્તૃત્વાભિમાન જ બાંધવાવાળાં છે.

—યોગેશ્વરજી

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧




# પૂ. માની સર્વજીવો પ્રત્યેની અનુકંપા

**નારાયણ હ. જાની**

સ્વર્ગારોહણમાં વિસર્જન અને નવસર્જનનું કામ પૂર ઝડપે ચાલી રહ્યું છે, તેમાં તોડવા અને ખોદકામ કરવા મશીન તો ખરું જ, ઉપરાંત ખોદેલી માટી કે તોડેલો કચરો બહાર લઈ જવા ટ્રેક્ટરો ને મજૂરોની આવશ્યક્તા રહે જ. ઉનાળાની પ્રખર ગરમીમાં પણ આ ડ્રાયવરો ને મજૂર ભાઈબહેનો સતત કામ કરતા રહેતાં. આ જોઈ પૂ. માને એમને રાહત શી રીતે પહોંચાડાય તેનો વિચાર આવ્યો. તેઓએ તુર્તજ બપોરે અને સાંજે ચાર વાગે—આ બધા માણસોને ઠંડી છાસ વહેચવાની વ્યવસ્થા કરાવી તો ૪૫ જેટલા મજૂર ભાઈબહેનોને સ્વર્ગારોહણમાં રસોઈ બનાવરાવી જમાડ્યા—અરે, એટલું જ નહિ એમને નવાં વસ્ત્રો તો આપ્યાં સાથે જે નવી થાળી, વાટકો કે પ્યાલો જમવા આપેલ તે દરેકને લઈ જવાની રજા આપી. કામ કરતાં ફાટેલ કપડાના સ્થાને નવું કપડું પૂ. મા જ આપે ને! તો જેમાં જમ્યા તે નવાં થાળી, વાટકા ને પ્યાલાને જમ્યા પછી લઈ જવાની વાત તો જૂના જમાનામાં યજ્ઞોમાં રાજાઓ બ્રાહ્મણોને આ પાત્રો આપતા—એવું વાંચેલું તે પૂ. માના સાન્નિધ્યે પ્રત્યક્ષ જોવા મળ્યું. હે મા! ખરે જ તમે સર્વની મા છો. તમારા સિવાય આવું કોણ વિચારી કે કરી શકે? આપની 'સર્વ ભૂતસ્થ-માત્માનં'—બધા જ જીવોમાં પોતાના આત્માને જોવો—એ ભાવનાને કોટિકોટિ વંદન હો. અમારા જીવન અને આચરણમાં એ ભાવ આવે એવી કૃપા કરજો.

સ્વર્ગારોહણની નવનિર્માણ પ્રવૃત્તિમાં ટ્રેક્ટર ડ્રાયવરોએ રાત દિવસ એકધારી સેવા આપી તેમને પણ પૂ. માએ સન્માનિત કરી, ઘણી બધી વસ્તુઓ જેવી કે કામળો, શેત્રંજી, ટુવાલ, થાળ અને પ્રસાદ ઉપરાંત સ્વર્ગારોહણમાં ઉપયોગમાં લેવાતા પલંગોમાંથી દરેકને એક એક પલંગ, આર્થિક પુરસ્કાર સાથે ભેટ આપ્યો. આ સ્વીકારતાં આ માણસો ભાવવિભોર બની ગયા. આ ભેટો સ્વામી શ્રી મહાદેવાનંદના હસ્તે આપવામાં આવી.

પૂ. મામાં સંપૂર્ણ વૈરાગ્ય છે એટલે તેઓ ગમે તેવી ભૌતિક કિંમતી વસ્તુનો ત્યાગ સહજ રીતે કરી શકે છે, જેનો આજે મોટી ધાર્મિક સંસ્થાઓમાં અભાવ જોવામાં આવે છે.

અહી કામ કરતા મજૂરોમાંથી એકે સાધકોને સતત જપ કરતા નિહાળી એવી એક માળા પૂ. મા એને પણ આપે એવી વિનંતી કરી, તો એક ડ્રાયવર ભાઈએ પૂ. માના બીલ્લાની માંગણી કરતાં જણાવ્યું કે અમે તો સતત જોખમોની વચ્ચે રહીને કામ કરતા રહીએ છીએ, તો પૂ. માના આ બિલ્લાથી અમારું રક્ષણ થતું રહેશે.

સાવ અજાણ્યા અને પરિશ્રમ કરી પોતાની આજીવિકા રળતા માણસ પર પણ એક સાચા સંતની ઉપસ્થિતિનો કેવો પ્રભાવ કશુયે બોલ્યા વગર કેવો પડતો હોય છે. તેના આ ઉદાહરણ છે.

**સ્વામીજીનું સન્માન**

તા. ૨ જુલાઈના રોજ પૂ. માએ ૧૧ વાગે એક ખાસ બેઠક યોજી. આ બેઠકને શ્રી નારાયણભાઈ જાનીએ અને સ્વામી શ્રી મહાદેવાનંદ સરસ્વતીએ સંબોધી. તેઓએ જણાવ્યું કે મનુષ્ય-જીવનમાં દરેક વ્યક્તિએ નીચેના પાંચ પ્રશ્નોના જવાબ મેળવવા



જરૂરી છે. આ પ્રશ્નો છેઃ—૧. હું કોણ છું? ૨. ક્યાંથી આવ્યો છું? ૩. શા માટે આવ્યો છું? ૪. મૃત્યુ પછી ક્યા જવાનું છે? અને ૫. ક્યા સારા કે ખરાબ માર્ગે જવાનું છે?

આ બધા પ્રશ્નોની સમજ તેઓએ સંક્ષેપમાં આપી હતી. વળી તેઓએ પૂ. માની ઇચ્છા પ્રમાણે ભગવાન કૃષ્ણના જીવનના પાંચ મહત્ત્વના સંબંધો વિષે બોલતાં કહ્યું હતું કે કૃષ્ણ પૂર્ણાવતાર છે એમના જીવનમાં અદ્‌ભૂત સંબંધોની જે ઘટમાળ છે, તેમાં માતા જશોદા, ગોપીઓ, અર્જુન, સુદામા અને સાંદીપનિ સિવાય પણ બીજા અનેક એવાં છે જે તેમના જીવનની વિશેષતાઓ જોવા મળે છે. તેઓએ સમાપનમાં જ્યારે કહ્યું કે તેઓનાં પ્રવચનોનો મુખ્ય વિષય નવધા ભક્તિ રહે છે, ત્યારે પૂ. માએ અહીં નવનિર્માણ પછી આવી તેના ઉપર યોગેશ્વર પરિવારના સાધકોને સંબોધિત કરવા જણાવ્યું હતું, જેનો સ્વામીજીએ સહર્ષ સ્વીકાર કર્યો હતો.

પૂ. માએ સ્વર્ગારોહણની પરંપરાને જાળવીને સ્વામીજીને પ્રસાદ અને પુરસ્કારવડે સન્માનિત કર્યા. પૂ. માની આ ગુણગ્રાહિતા અને ઉદારતા જોઈ સ્વામીજીએ પણ પ્રસન્નતા અનુભવી. પૂ. માની નમ્રતા અને સરલતા તેમને અદ્‌ભૂત લાગ્યાં.

સ્વામીજીને પૂ. માનો કોઈ પૂર્વ પરિચય ન હતો પરંતુ શ્રી મુનિભાઈ પાસેથી પૂ. માની સાધના ને પ્રવૃત્તિની વાતો સાંભળી પૂ. માના દર્શનની ઇચ્છા થઈ. સંસારીઓ કરતાં ત્યાગીઓમાં અહં વધારે હોય છે. પૂ. મામાં આવો કોઈ બાહ્ય ત્યાગનું પ્રદર્શન નથી, છતાં તેઓ શ્રેષ્ઠ ત્યાગી છે, એવું સ્વામીજીએ અનુભવ્યું. ✵

## વિસર્જનવેળાના બચાવમાં

# મા–પ્રભુની દિવ્ય ભૂમિકા

**શ્રી રાજુભાઈ જાની**

નિવનિર્માણના પ્રારંભમાં શ્રી રાજુભાઈ જાનીએ વિસર્જન-ની પ્રક્રિયા વખતે પૂ. મા પરદેશમાં હતાં ત્યારે એક દિવાલ તોડતાં તે ઉપરનો આખો સ્લેબ ૨૦ ફૂટ x ૧૪ ફૂટનો એક સાથે તૂટી પડ્યો, ત્યારે તેની નીચે બે મજૂરો ને કોન્ટ્રાક્ટર પોતે દટાયા! કોન્ટ્રેક્ટર ભાઈ જ્યા ઊભેલા તેના ઉપરનો સ્લેબનો ભાગ માત્ર એક નાના સળિયાના આધારે થોડો અદ્ધર ટકી રહ્યો જે આશ્ચર્ય જ કહેવાય, એ જોતાં એવું લાગ્યું કે જાણે પૂ. ગુરુદેવ અને પૂ. માની દિવ્યશક્તિએ–ટચલી આંગળી પર ભગવાન કૃષ્ણે જે રીતે ગોવર્ધન પર્વતને ટેકવી રાખેલો તેમ તે સ્લેબ થોડો ઊંચે ટેકવી રાખી એમનો બચાવ કર્યો. નહિતર એમનુ માથું ફૂટી જાત. એ જ રીતે નીચે દબાયેલા મજૂરો કયી રીતે સૂઈ ગયા ને માથાની ભયંકર ઈજાથી બચ્યા, તેની એમનેય ખબર ન પડી. એક મજુરને પગે સાધારણ ઈજા થઈને બીજાને કમ્મર નીચેના હાડકા પર ઈજા પહોંચી, તેને સારવાર થતાં સારૂ થયું.

આ આખી ઘટનામાં જે ઝડપથી એમ્બ્યુલન્સ ને ૮૦ જેટલા માણસોની સેવા મળી–ને આટલો મોટો સ્લેબ માણસોએ ઉચકયો એ આશ્ચર્યજનક લાગે એવું છે એટલે જ પૂજ્ય માના શબ્દો યાદ આવે છેઃ–

સતત રક્ષા કરો છો આપ, અનુભવતા અમે દિનરાત,



અમારા અંતરે શ્રદ્ધા, કદી વાંકો ન થાયે વાળ.

ઘવાયેલ મજુરને ઉંચકીને બહાર કાઢવાનું કામ અને તેને પોતાનું મેચ થતું લોહી આપવાનું કામ–જે ઝડપથી યુવાન સાધક શ્રી હેમલભાઈએ કર્યું એવું ભાગ્યે જ કોઈ કરે. પૂ. મા અને પ્રભુની કૃપાથી જ શ્રી હેમલભાઈ તે કરી શક્યા. તેથી એક ગરીબ માણસની જીંદગી બચી. એમણે ખરે જ પૂ. માના સેવક હોવાનું સાર્થક કરી બતાવ્યું. તેમને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે.

હે મા, આપની તથા પ્રભુની દિવ્ય શક્તિ આ ઘટનામાં કામ કરી ગઈ, તે સૌ જોનારાએ અનુભવ્યું. હે મા-પ્રભુ આપની એ દિવ્યશક્તિ જ અમારું દિવ્ય રક્ષા કવચ બની રહે, એજ પ્રાર્થના.

જ્ઞાન અને શ્રદ્ધા ના હોય તો સંશય મટી શકે નહિ–કારણ જે ન તો પોતે જાણે છે અને ન બીજાની વાત માને છે–તેનું પતન થાય છે. **–યોગેશ્વરજી**

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪

# બ્રહ્મસંબંધ એટલે શું?

પ્રો. પટેલ શિલ્પાબેન કે.

**''હાંક મારતો જા, મદદ તૈયાર છે.''**

'પ્રગલ્ભ' મનવાળા જીવનું શિવ સાથેનું મિલન એટલે જ બ્રહ્મસંબંધ.

જીવનને ભવ્ય અને દિવ્ય બનાવવા માટે મનુષ્ય જીવન દરમ્યાન જે કર્મ કરે છે તેને ભવ્ય બનાવવા જોઇએ. કર્મનો હેતુ જો ભવ્ય બને તો જ કર્મ ભવ્ય બની શકે. આ માટેનો એક માત્ર ઉપાય મનને પ્રભુને સમર્પિત કરી દેવાનો છે. મનને પ્રભુમાં સ્થિર કરેવી રીતે કરી શકાય? પ્રભુને ગમે તેવું જીવન જીવવું, હરિ હરખાય તેવા સદ્‌ગુણો જીવનમાં કેળવવા અને એવું સદ્‌ગુણોથી સુગંધિત બનેલું જીવન પ્રભુને ચરણે ધરવું એ 'મન્મનાભવ'નો ઋષિઓએ બતાવેલો માર્ગ છે.

જીવનને ભવ્ય અને દિવ્ય બનાવવા માટે જેવી રીતે ભગવાનમાં મન રાખવાનું પ્રત્યેક વસ્તુ જોઇને પ્રભુને યાદ કરવાના તેવી જ રીતે ભગવાનના જેવું મન બનાવવું જોઇએ. જીવ ભગવાનનો દીકરો છે. ભગવાનનો જ અંશ છે. પ્રભુની પ્રગલ્ભતા જોઇને અંતઃકરણ ભરાઇ આવવું જોઇએ. એવું જ પ્રગલ્ભ મન બનાવવાનું છે. પ્રગલ્ભ મન એટલે એવું સમર્થ અને શક્તિશાળી મન કે જેમાં અશુદ્ધ વિચારો પ્રવેશી શકે જ નહિ પ્રગલ્ભ મનનો માનવી કોઇ મનુષ્ય પાસે તો ઠીક, પ્રભુ પાસે પણ માગણી કરે જ નહિ અને કદાચ કરે તો પણ તે ક્ષુદ્ર માગણી તો ન જ હોય, બ્રાહ્મણ ગાયત્રીમંત્રનો જાપ કરેઃ—''ૐ



ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં, ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્.'' ત્યારે તેની પાછળ જો કોઇ માગણી હોય તો એટલી જ કે પોતાની બુદ્ધિ સૂર્યના તેજ જેવી તેજસ્વી બને, પરંતુ આજે તો માણસ ગાયત્રીમંત્રનું અનુષ્ઠાન પણ રૂપિયા—પૈસા જેવી ક્ષુલ્લક માગણી માટે કરે છે. પુષ્ટિમાર્ગમાં વૈષ્ણવો બાલકૃષ્ણની ઉપાસના કરે છે. મોટી ઉંમરના કૃષ્ણ તેમના મનમાં વસતા નથી.

પ્રભુની બાળસ્વરૂપે ઉપાસના આપીને શ્રીવલ્લભાચાર્યજીએ વૈષ્ણવોને ભક્તિનો ઉત્કૃષ્ટ રાજમાર્ગ બતાવ્યો છે, કારણ કે બાળક પાસે કદી રડાય નહિ. અને બાળક પાસે કદી મગાય નહિ તેથી બાલકૃષ્ણની ઉપાસના કરતો વૈષ્ણવ ભક્ત પ્રભુ પાસે કદી કોઇ માગણી કરે જ નહિ. તેવા પ્રગલ્ભ મનવાળી તે ઉપાસના કરે છે. પ્રભુને જ સમગ્ર જીવન સમર્પિત કરીને તેની જ ઇચ્છા શિરોધાર્ય ગણીને સ્વીકારે, **''શ્રીકૃષ્ણ શરણં મમં।''** એ તેનો જીવનમંત્ર હોય, પ્રભુ પાસે તે કદી કશું જ માગવાનું હોય જ નહિ. પરંતુ આજે તો દરરોજ મંગલાના દર્શન કરીને જ દિવસ શરૂ કરવાનો વ્રતધારી વૈષ્ણવ પણ હવેલીએ જઇને શ્રીકૃષ્ણ પાસે દીકરાને પરીક્ષામાં પાસ કરી દેવા જેવી કે તેવી ક્ષુલ્લક માગણીઓ કરતો માલુમ પડે છે.

વૈષ્ણવ કદી દુર્બળ મનનો હોય નહિ અને દુર્બળ મનનો અને પ્રભુ પાસે રડતો રહેતો, ક્ષુદ્ર માગણીઓ કરતો રહેલો ભક્ત વૈષ્ણવ કહેવાય નહિ. ક્યાં આપણી ક્ષુલ્લક માગણી અને ક્યાં ઋષિમુનિઓની માગણી? માણસ ભગવાન પાસે જ્યારે પણ જાય ત્યારે સતત રડતો અને માગતો જ હોય, 'ભગવાન મને આ આપ, તે આપ.' અને માગણી પણ કેવી ક્ષુદ્ર હોય?

કાં તો દીકરીના દૂધ માટે ભેંશ માગતો હોય, લોટરીની ટીકીટ-માં લાખ રૂપિયાના ઈનામની માગણી કરતો હોય.

આપણે અત્યંત ટૂંકા મનના માનવી, તેથી આપણને ભગ-વાનના નિજ મંદિરમાં જવાની છૂટ નથી. આપણી વૃત્તિઓ-માંથી એટલી બધી દુર્ગંધ આવતી હોય કે ઠાકોરજી પાસે જતાં ઠાકોરજીને અકળામણ થાય. કાંદા ન ખાતા માણસને જે ચપ્પુ-થી કાંદા કાપ્યા હોય તે ચપ્પુમાં પણ કાંદાની વાસથી અકળા-મણ થાય છે. અને તેવા દુર્ગંધ મારતા ચપ્પુથી પોતાના ફળ કાપવા દેતા નથી. ભગવાનને પણ ક્ષુદ્ર વૃત્તિની વાસ જલદી આવી જાય છે.

ભગવાન જીવ પાસે માગણી કરે છે, કે તું પ્રગલ્ભ મનનો બન. જો ભગવાનની માગણી આટલી ઉચ્ચ છે તો આપણે પણ ભગવાન પાસે આપણી માગણી ઉચ્ચ રાખવી જોઈએ. ઋષિ-મુનિઓ ભગવાન પાસે કદી કોઈ પણ પ્રકારની માગણી કરતા જ નથી, તેઓ ભગવાન પાસે જાય છે. ત્યારે હસતા—ખીલતા પ્રફુલ્લિત ચિત્ત સાથે કેવળ ભગવાન પાસે પ્રસન્નતાથી બેસવા માટે જ જાય છે. આવા જીવ પ્રભુ પાસે બેસે ત્યારે પ્રભુ પ્રસન્ન થઈ જાય છે. આવા જીવોને મળીને પ્રભુને ખૂબ જ આનંદ આવે છે. કોઈવાર પ્રભુ જ પોતે ચાલીને કહે, ‘દીકરા, તું મારી પાસે દરરોજ આવે છે. પરંતુ તારા માટે કશું પણ માગતો જ નથી. આજે તો કંઈક તો માગ. મને તને કંઈક આપવાની ખૂબ જ ઈચ્છા છે તું કંઈક માગીશને તો હું ખૂબ જ રાજી થઈશ.’ ત્યારે ઋષિ એ પ્રભુની ઈચ્છા સ્વીકારીને તેમને રાજી કરવા માગે છે. ‘‘ભગવાન, તમારું કામ કરવાની શક્તિ મને ઓછી પડે છે, તેથી મને શક્તિ આપો.’’ અને ભગવાન બહુ આગ્રહ



કરે ત્યારે અત્યંત કરુણાસભર અને વાત્સલ્યપૂર્ણ હૃદયે ઋષિ માગે છે કેઃ—‘સર્વે સુખિનઃ સન્તુ, સર્વે સન્તુ નિરામયાઃ’ જીવમાત્રનું કલ્યાણ તેઓ માગે છે.

બ્રહ્મસંબંધ એ કેવળ બાહ્યાચાર નથી. પ્રગલ્ભ મનવાળા જીવનનું ઠાકોરજી સાથેનું મિલન છે. આવું મિલન થયા પછી ભગવાન પાસે માગવાનું શું બાકી રહે? બ્રહ્મસંબંધ જેણે બાંધ્યો તેને જ ઠાકોરજીના નિજ મંદિરમાં જવાની અને ઠાકોરજીની સેવા કરવાની છૂટ છે. પ્રગલ્ભ મન થશે એટલે મન ઉદાર, ઉચ્ચ, ભવ્ય બનશે. મનની કંજુસાઈ ચાલી જશે, મેલ દૂર થશે પછી જ આપણે ભગવાનના દીકરા કહેવડાવવાને લાયક થઈશું, અને પછી ભગવાન માતાની જેમ પીઠ ઉપર હાથ ફેરવીને કહેશે, ‘દીકરા, હવે તું મારો દીકરો ખરો!’

ભગવાન ભક્તને ‘મારો’ કહે તે માટે તો તુલસીદાસજી જેવા ભક્તો આખો જન્મારો ઓળઘોળ કરી દેવા તત્પર હોય છે. એકવાર પ્રભુ કહો, ‘તુલસી મેરા’ માત્ર આટલું જ પ્રભુના મુખેથી સાંભળવા માટે ભક્ત તલસતો હોય છે. એક નાનકડો મામલતદાર પણ કોઈને My Man કહીને ભલામણ કરે તો તેના બધાં કામ થઈ જાય છે, તો સ્વયં પ્રભુ જ્યારે જીવને My Man કહે, ત્યારે પછી બાકી શું રહે?

પ્રગલ્ભ મન બનાવીને આપણે આ કક્ષાએ પહોંચવાનું છે. આ કક્ષાએ જરૂર પહોંચી શકાય તેવું છે. તેટલી શક્તિ માણસને પ્રભુએ આપી જ રાખી છે. પ્રભુ કહે છે. ‘દીકરા, તારામાં શક્તિ છે. હાંક મારતો જા મદદ તૈયાર છે.’

# જીવનદર્શનના પંથે

ડૉ. પ્રકાશ ગજ્જર

આ લેખ આરોગ્ય વિષેનો નથી, એ પહેલેથી સ્પષ્ટ કરું છું. આ સ્પષ્ટતા એટલા માટે જરૂરી લાગી કે પહેલું મહત્ત્વનું વિધાન આરોગ્ય વિષેનું આલેખવું છે. કહે છે કે 'પચાસ વર્ષ પૂરાં કરી વનમાં પ્રવેશનાર વ્યક્તિ અર્ધો ડૉક્ટર બની જાય છે.' અહીં બીજાને સલાહ આપવાની બાબતનો સંદર્ભ નથી. વનપ્રવેશ કરનારને પોતાની પ્રકૃતિની તાસીર હાથ આવી જાય છે. આહારવિહાર કેવા રાખવા એની એને ખબર પડે જ. ને જો ના પડે તો...

આ પિંજણ એટલા માટે કર્યું છે કે આ જ નિયમ હું જીવનકળાને પણ લાગુ પાડવા માગું છું. હું તો એમ કહેવાની હિમ્મત કરીશ કે ત્રીસ વર્ષ સુધીમાં જેણે પોતાની જીવન-ફિલસૂફીનો આછો નકશો પણ ના આલેખ્યો હોય એણે પોતાની બુદ્ધિનું પુનર્મૂલ્યાંકન કરાવવું જોઈએ. સંકોચ થતો હોય તો આ અતિમહત્ત્વની કામગીરી કોઈ આત્મીયજનને સોંપવી જોઈએ.

ઉપર ઉલ્લેખાયેલા કેન્દ્રસ્થ શબ્દ 'જીવનફિલસૂફી' વિષે થોડોક વિચાર જરૂરી છે. 'હું આવા કશામાં માનતો જ નથી,' એ વિચાર, એ નિર્ણય પણ એક ફિલસૂફી છે. આવો અભિગમ બરાબર છે કે નહીં એ સ્પષ્ટ કરવાની જરૂર નથી. મારો પ્રિય વિચાર ટાંકું તો પથરો, ગાય અને કાગડા જેવાને કોઈ ફિલસૂફી હોતી નથી.



બંધ બારણા પાછળ જીવવા જેવી આ મનઃસ્થિતિ છે. નહેરુજી કહેતા કે જીવનમહાલયનાં વાતાયનને બંધ રાખીને બેસનારા ગંભીર ભૂલ કરતા હોય છે.

મને અહીં ઋગ્વેદના ઋષિની પેલી વૈશ્વિક પ્રાર્થના યાદ આવે છે : "અમને ચારે દિશાએથી મંગલ વિચારો પ્રાપ્ત થાઓ." બારણાં બંધ કરીને બેસી રહેનારાઓ માટે તો આ પ્રાર્થના જીવનમાં વણી લેવા જેવી છે. નિદાન ક્યારેક તો આપણે આ પ્રાર્થના કરવી જ જોઈએ. ફિલસૂફી ભીતરમાંથી પ્રગટે એ સાચું. પણ એનો પ્રેરણાપ્રકાશ આપણને બહારથી પણ પ્રાપ્ત થઈ શકે ખરો.

ગુરુદેવ ટાગોર એક રાતના નાનું કોડિયું પ્રગટાવીને લેખનકાર્ય કરવા બેઠા હતા. કામ પૂરું થતાં જ્યોત બૂઝાવી દેવામાં આવી. ગુરુદેવે જોયું કે એમના મેજ ઉપર પૂનમના ચંદ્રે કમાલ કરી દીધી હતી. બાજુના વૃક્ષનાં પાંદડાંમાંથી ગળાઈને આવતાં ચંદ્રકિરણોએ સરસ ભાત પ્રગટાવી હતી. ગુરુદેવ નોંધે છે : "કુદરતની કરામતને માણવા ક્યારેક આપણે પોતાનાં કોડિયાં ઓલવી નાંખવાની આવશ્યકતા હોય છે."

વિલિયમ બ્લેક નામના એક વિદેશી રહસ્યદર્શીને હું વાંચું ત્યારે મને ખલીલ જિબ્હરાનની સાથે જ ગુરુદેવ ટાગોર પણ યાદ આવે જ. બ્લેક કહેતો : "ક્ષણમાં યુગો ને રજકણમાં બ્રહ્માંડો..." જેના જીવનમાં સાચી જીવનફિલસૂફી પાંગરે એને આવા અનેરા અનુભવ થાય. શાકભાજીના ભાવ, વધતી જતી મોંઘવારી, ખાડે જતી દુનિયા અને વધારે ખરાબ થતા જતા માણસો વિષે ભાંજગડ કરવામાં જ પોતાનો સમય અને શક્તિ વેડફનારાને આ બધું કેમ સમજાય? કિનારાથી સો ફૂટ દૂર રહેનારો શું સમજે?

એક રહસ્યવાદી કહે છે : "ક્યાં તો આંખો બરાબર ઊઘાડવી પડશે અથવા તો એકદમ બંધ કરવી પડશે." પેલા આરબ વિદૂષકની જેમ એક આંખ ઉઘાડી જો બીજી આંખ બંધ રાખીને દૂધમાં ને દહીંમાં પગ રાખીને જીવવાથી કાંઇ નહીં વળે. કૂવો તો બહુ સારો. એક ખાબોચિયાને સાગર સમજી એમાં જ મ્હાલનારા ભ્રમગ્રસ્ત જીવો કેવા કેવા લાભ ગુમાવે છે!

પરમહંસ યોગાનંદજી મને બહુ ગમે. પ્રત્યક્ષ દર્શનનો લાભ તો મળ્યો નથી. પણ એમને ઠીક ઠીક વાંચ્યા છે. એમની જીવન-ફિલસૂફી સાથે એકતાર થવાનો યત્કિંચિત પ્રયાસ કર્યો છે. પણ એ થોડા પુરુષાર્થે પણ જે કાંઇ આપ્યું છે એનાથી મારી ઝોળી છલકાઇ ગઇ છે. આજથી પિસ્તાલીસ વર્ષ પહેલાં મેં એમનું નામ પહેલી વખત સાંભળેલું. એમની આત્મકથા અંગ્રેજી ભાષામાં વાંચવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું ને જાણે જીવનદર્શનના પ્રકાશધોધ જીવનમાં નવેસર ધમધમતા થયા. મને મળનારા, પત્રો લખનારા જિજ્ઞાસુઓને હું કહેતો હોઉં છું : "યોગાનંદજી-ની આત્મકથા 'યોગીકથામૃત' અને શ્રી રામકૃષ્ણદેવનું જીવન ચરિત્ર વાંચો. તમને નવો ઉજાસ મળશે જ. જીવનના વિરાટ્ સ્વરૂપનું તમને દર્શન થશે. તમને ખ્યાલ આવશે કે તમે પણ શું કરી શકો છો."

આ બે ચૈતન્યધોધ અને આનંદાશ્રમવાળા સ્વામી રામદાસે મારા જીવનવિકાસમાં મોટો ભાગ ભજવ્યો છે. અન્ય વિભૂતિ-ઓનો લાભ પણ મળ્યો છે. પણ એ ચર્ચા અહીં અસ્થાને છે. મારે વાત કરવી હતી જીવનની ફિલસૂફીની, જીવનના મહત્ત્વ-પૂર્ણ આધારસ્થંભોની. અહીં તમને પ્રશ્ન પૂછું છું : કેવી છે તમારી ફિલસૂફી? તમે 'શામાં' માનો છો? કંઇ વિચારધારાની માંડણી ઉપર તમે નિર્માણ કરી રહ્યા છો?



અનેક વિભૂતિઓ કે સાવ જ અજાણ્યા માણસો પાસેથી પણ આપણને દાર્શનિકતાનાં નવાં નવાં અજવાળાં મળી શકે છે. યાદ રાખો, વિશ્વ વિરાટ છે, જ્ઞાનના સાગરને કોઇ કિનારા નથી પણ પેલા સુભાષિતમાં સ્પષ્ટ છે એ સલાહ પ્રમાણે જે સારરૂપ છે તેની ઉપાસના કરવાની છે.

વળી કોઇ વખત ઉમળકો આવશે ત્યારે ફિલસૂફી કેવી હોઇ શકે એ વિષે વિચારીશું. પંડિતાઇના આસને બેસીને વાત કરવાની જ નથી. જીવન સાર્થક થાય, ધન્ય બને, સર્વશ્રેષ્ઠ શ્રેયને સાધી શકીએ, છતાં પ્રેયની અવગણના જરાય ના થાય, ભીતરનાં અંધારાં ક્રમશઃ ઓગળતાં જાય, એવી એવી ઉજાસ-ધારા આપણે રોજેરોજ મેળવતા રહેવાનું છે.

સંશય અધૂરાજ્ઞાનમાં જ પેદા થાય છે. આને જ અજ્ઞાન કહે છે. સંશયનો ખટકો લાગે તો જીજ્ઞાસા પેદા થાય. **– યોગેશ્વરજી**

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઇ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,
**મોરબી**–૩૬૩૬૪૧.
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# કેટલાંક સંતવચનો

**સંકલન : તંત્રી**

ખ્વાજા હાફિજ કહે છે દારૂ પીવો, મક્કા અને કુરાને શરીફને આગ લગાડવી મોટો ગુનો છે, તેમ છતાં તેની માફી મળી શકે છે, પરંતુ કોઈનું દિલ તોડવાની કદી માફી મળી શકતી નથી, કારણ કે દરેક દિલમાં ખુદા વસે છે. પછી કહે છે, તું મરજીમાં આવે તે બીજા ગુના કર, પરંતુ કોઈનું દિલ દુભાવવાનો ગુનો ના કરીશ.

★ ★ ★

ગુરુ નાનક સાહેબ કહે છે બહારનું પાણી ભલેને કેટલુંય નિર્મળ કેમ ન હોય, શરીર અને કપડાંનો મેલ ઉતારી શકે છે, પરંતુ જન્મ–જમાંતરોના પાપોની મલિનતા તો કેવળ નામરૂપી અમૃતદ્વારા જ ઉતરી શકે છે.

★ ★ ★

જો મનમાં વિકાર ભરેલા હશે તો બહાર સ્નાન કરવાથી શું લાભ થાય? આપણે તીર્થમાં સ્નાન કરીએ છીએ, પણ મનને નિર્મળ કરવાનો પ્રયત્ન કરતા નથી.

સાચું તીર્થ અથવા સરોવર તો મનુષ્યનું શરીર છે. અને મનની મલિનતા તેને તીર્થ બનતાં અટકાવે છે. એટલે જેવી મનની મલિનતા દૂર થઈ કે આ શરીર સાચે જ તીર્થરૂપ બની જાય છે. **ગુરુ નાનક.**

★ ★ ★

બધાં જ શાસ્ત્રોની રચના મનના મેલને દૂર કરવાની વિવિધ પ્રક્રિયા બતાવવા કરવામાં આવી છે એ બધી પ્રક્રિયાઓમાં



સાચા ભાવપૂર્વક ઉચ્ચારાતા હરિના નામસ્મરણ જેવી સહેલી પ્રક્રિયા એક પણ નથી. **યોગેશ્વરજી**

જેણે આપવાનું જ વ્રત લીધું હોય, તેના ખાતામાં તો એકલી ઉધારની જ એન્ટ્રીઓ હોય.

દયાપાત્ર વ્યક્તિને દાન કરાય, પણ સર્વસ્વનું નહીં.

વિદ્યા તમને ડીગ્રી આપે, પણ જીવન પ્રત્યેની દૃષ્ટિ ના આપી શકે. પદવી પામરતાથી મુક્તિ ના અપાવે તો એનું મૂલ્ય શું?

★ ★ ★

પદાર્થોના પરિત્યાગનું દુઃખ મોટું છે, પરંતુ આશાના અંતનું દુઃખ એથી પણ અધિક હોય છે.

★ ★ ★

ધ્યાન કેવળ સાધન છે, એને મોટાભાગના સાધકો સમજે છે એમ સાધ્ય માની લેવાની જરૂર નથી. માર્ગને ગંતવ્યસ્થાન માની લેવાની ભૂલ ન કરવી જોઈએ. **યોગેશ્વરજી**

★ ★ ★

ત્યાગ અથવા સંન્યાસ ખરેખર તો મનની પ્રક્રિયા છે. ત્યાગ તો કેવળ સ્થૂલ વસ્તુનો એની સાથેના થોડા પણ આત્મિક દૃષ્ટિકોણ વિના નિરર્થક છે. માનવોને પ્રવૃત્તિના ત્યાગની સલાહ આપવાને બદલે, વિચારની વર્તમાન ટેવોનો ત્યાગ કરવાની સલાહ આપવાનું મને વધારે સારું લાગે છે આખરે તો બધી જ પ્રવૃત્તિઓ વિચારના જ પરિણામરૂપ હોય છે.

પોલ બ્રન્ટન

# સમંદરને પેલે પાર

**મા સર્વેશ્વરી**

**પૂ. મા શ્રી સર્વેશ્વરીની ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા યાત્રા–સીડનીથી હવાઈન હોનોલુલુ, દિવસ–૧૪, તા. ૨૧–૫–૦૫**

આજે વિશ્રામદિન છે. આજે પ્રસ્થાન છે. સ્નાન, ૧૧ પ્રણામ, શીર્ષાસન થઇ ગયું છે. આજે બે નિર્જળાવ્રત પૂર્ણ થયાં છે. દૂધ, ખજૂર ને પરશુરામ લીધાં છે.

યાત્રાની મંડળી આજે પણ પ્રાર્થના તો કરી જ લે છે. 'મા' તે દરમ્યાન ગઇકાલે સ્મિતાબેને એમના પિતાજી શ્રી વિઠ્ઠલભાઇ (કર્પૂરવન કાલીમંદિરના પ્રથમ ધર્મસંતાન) વિશે જે વાતો કરી હતી, તેની નોંધ કરી લે છે.

ત્યાં જ સ્મિતાબેન એમનાં માતા શ્રી લક્ષ્મીબેન સાથે આવી ગયાં છે. શ્રી લક્ષ્મીબેન (કર્પૂરવન કાલીમંદિરનાં પુત્રવધૂ) કાલીમંદિરના સ્વજન વડીલ છે. માંદગીમાંથી રક્ષાયેલાં છે. એક માત્ર એમને મળવાની જ તો આ યાત્રા હતી. દર્દી છે એટલે એમને પ્રમાણસર જ મળવું જોઇએ. એવી પણ સૌની સમજ છે. આજે આવ્યાં છે તો સૌ ફરી મળે છે, વંદે છે.

અરે! શ્રી લક્ષ્મીબેન કાલીમંદિરના સર્વ સ્વજનોના ફોટાઓનાં આલબમ લાવ્યાં છે. ફોટોગ્રાફીનો શોખ શ્રી વિઠ્ઠલભાઇનો છે. શ્રી લક્ષ્મીબેન એ ફોટાઓનો સરસ રીતે સંગ્રહ કરી શક્યાં છે. 'મા' સહિત સૌ એને જુએ છે, ને ભૂતકાળને માણે છે. પરિવારના બધા નાના હતા ત્યારની એ બધી તસ્વીરો જાણે માણવા જેવી લાગે.



શ્રી લક્ષ્મીબેન ને સ્મિતાબેન પોતાના જીવનના રમૂજી પ્રસંગો 'મા'ની વિનંતીથી કહી બતાવે છે. લગભગ એ કાર્યક્રમ ૨ કલાક ચાલે છે.

નિર્દોષ હાસ્ય ને નિર્દોષ પ્રસંગો સૌને પ્રસન્નતાથી ભરી દે છે. હસવું ને હસાવવું એ જાણે કાલીમંદિરના સ્વજનોની વિશેષતા છે. બાપુજી, સુશીલાબેન, લક્ષ્મીબેન, સ્મિતા અને 'મા'ને જાણે એક વિશેષ વરદાન હસો ને હસાવોનું પ્રાપ્ત થયું છે. પોતે હસાવી શકે ને પોતે પોતાની જાત ઉપર પણ હસી શકે. કેવું સરસ! હાસ્યને શોધી કાઢવું એ પણ એક કળા છે; જેને એ કળા પ્રાપ્ત છે તેનું આરોગ્ય તનનું ને મનનું સંપૂર્ણ સ્વસ્થ છે. અરે, તે અનેક ગંભીરાનંદોને હસાવીને હળવા રાખવાની સેવા પણ કરે છે. દર્દીને હસાવે છે ને ડૉક્ટરને પણ હસાવે. અરે, દર્દને પણ હસે ને દર્દને ભગાડે.

હે હરિ, તારી આ હસો ને હસાવો મંત્રની માળા તું સૌ પાસે જપાવતો હોય તો? તો તો આ જગત અહીં જ સ્વર્ગના શણગાર સજે. સૌને હસતા રાખજે બસ, એ જ પ્રાર્થના છે. હસતા હસતા, જપતા જપતા, નમતા નમતા આ ભવસાગર તરતા તરતા તારા શ્રી અંકે પહોંચાડજે સૌને. તારા શ્રી ચરણોમાં એ જ પ્રાર્થના છે.

આજે આ પ્રિય સ્વજનોને પણ સલામી ભરવાની છે. હે હરિ, તારી ઇચ્છા એવી છે તો ભરીશું સલામી. તને નહીં, તારી સૃષ્ટિના આ તારા જગમંચના સૌ અભિનેતાઓને, જેને અમે અમારા સ્વજન માન્યાં છે, તેનાથી પાછા દૂર દૂર જઇશું. કેટલાયે જન્મો પછી મળ્યાં હોઇશું. પાછાં ક્યારે મળીશું, ક્યાં

મળીશું, કેવા સ્વરૂપે, કયી યોનિમાં, કેવા ભાવથી મળીશું તે સદાયે ગુપ્ત રહેલું રહસ્ય શ્રી હરિ સિવાય કોણ જાણી શકે છે?

હે હરિ, આવા અનુકૂળ, પ્રેમાળ, આદર્શ, સમજુ સ્વજનો ધરીને સાધના સર્વોત્તમ કરાવજો. ધર્મપ્રેમી, સંતપ્રેમી સ્વજનો જ હે હરિ, તારી પ્રસાદીમાં પીરસજો.

હે હરિ, આપની ઇચ્છા હોય તો મેળવજો. સ્વજન વડીલને વંદન કરી તેમના આશીર્વાદ મેળવી વિદાય લેવાની છે.

વિદાય વેળા જરા મન કુણું બનીને, સંવેદનશીલ બનીને, પોતાનો ભાવ વ્યક્ત કરી લે છે. એટલે વંદન કરીને તરત જ ત્યાંથી આગળ વધવાની એક ટેવ 'મા'એ પાડી છે. એ રીતે આજે પણ વંદન કરીને તરત જ આગળ વધ્યાં. એરપોર્ટ ઉપર ઘણો સમય મળ્યો. સ્મિતાનું પ્રસન્નતાભર્યું વ્યક્તિત્વ સૌએ અહીં પણ તૃપ્તિ સાથે માણ્યું.

મા, મારા સ્ટોરમાં તમારે પગલાં પાડવાનાં જ છે. સ્મિતાની ચાર દિવસથી એ વિનંતી થતી હતી. પ્રત્યુત્તરમાં 'મા' પણ લખતાં 'જરૂર.' અમારી પણ ફરજ છે ને? જરૂર આવીશું.

એ વિનંતીનો પ્રત્યુત્તર આજે 'મા' આપે છે.

એક મોટા મોલમાં મોટો સ્ટોર છે. જેમાં પોસ્ટ–ઓફિસ છે ને સાથે સ્ટેશનરીનો સ્ટોર છે. સાથે બેન્કનું પણ કામ છે. એ ત્રણે કાર્યો સ્મિતા–અરવિંદ સરસ રીતે કરે છે.

'મા' લખે છે. નિર્દોષ ધંધો છે. સૌની સેવા થઇ શકે. સૌની હાશ પામી શકાય. કેટલાયને પત્રો હાશ ધરે, પૈસા હાશ ધરે, પેન્શનરોને દર મહિને પેન્શન ચૂકવવાનું કામ તેને કેટલી બધી હાશ ધરે!



સરસ આનંદ થયો. હે હરિ, સ્મિતુને ખૂબ ખૂબ સુખી કરો, સફળ કરો.

કર્પૂરવનના કાલીમંદિરનું સૌનું પ્રિય એવું પાત્ર સ્મિતા છે. કાલીમંદિરની એ દીવડી છે. સંસ્કારી, સ્મિત રેલાવતી, શ્રવણ બનીને માતાની સેવા કરનારી, વિશાળ સખીમંડળ ધરાવતી એ દીવડીમાં સૌને પ્રેમથી જીતી લેવાની એક વિશેષ કળા પણ છે.

હે હરિ, એને હસતી રાખજો.

ગઇ કાલે બસમાં સ્મિતાએ દાદા અને બાપુજીના સરસ પ્રસંગો વાતવાતમાં કહ્યા. એ સાંભળતાં 'મા'ને લાગ્યું કે પિતાનું પ્રતિબિંબ કેવું ધર્મસંતાનમાં કેટલે અંશે ઝીલી શકાય, તેનું પ્રતીક શ્રી વિઠ્ઠલભાઇ છે. જેણે પોતાના પિતા શ્રી કાલીદાસભાઇના સંસ્કારોનું સર્વોત્તમ દર્શન કરાવ્યું છે.

એરપોર્ટ પરથી સ્મિતા–અરવિંદે સૌને પ્રેમથી વિદાય આપી સૌને ભીંજવી દીધાં.

સીડનીના એરપોર્ટ ઉપર ઘણી દુકાનો હોય છે. ત્યાં ૧ ડોલરની ૧ થેલી વેચાતી હતી. જેના રંગમાં કેસરી, લીલા ને સફેદ પટ્ટા હતા. જાણે સીડનીના એરપોર્ટ ઉપર ભારતનું સહજ સતત સ્મરણ થયું. એ રંગની થેલી જાણે આપણી યાત્રા મંડળીને સતત જન્મભૂમિ–મા ભોમ–માદરે વતન–સ્વદેશનું સ્મરણ કરાવશે. એવું વિચારી, 'મા' શ્રી ભગવાનજીભાઇને કહે છે. 'સૌને ભગવાનકાકા તરફથી એક એક બેગ આપો.' દરરોજ કેન્ડી આપો છો. આજે ઓસ્ટ્રેલિયાનું સ્મરણ પ્રતીક ને જન્મભૂમિનું સ્મરણ પણ પ્રસાદમાં આપો.

હા, મા. આજ્ઞાંકિત શ્રી ભગવાનજી તરત જ ૨૫ થેલીઓ ખરીદી લે છે.

પ્લેનમાં ૩ સીટ મળી ગઈ છે. એ સીટ શ્રી ભગવાનજી ને શ્રી કંચનબેનની જ હતી. તે બારીની સીટ હતી માટે 'મા'ને એ સીટ મળે છે.

એક સીટ ઉપર પૂ. શ્રી અને બે સીટ ઉપર 'મા' બેઠક લે છે.

જપ ઘણા બાકી છે. જેથી થોડા જપ કરીને વિશ્રામ કર્યો, કારણ રાત શરૂ થઈ ગઈ હતી. માળા કરીને લેખન કરવું હતું, પણ સીટ ઉપરની લાઈટ ચાલુ ન હતી.

જેથી ફરજિયાત વિશ્રામ થયો.

અહીંથી ૮૧૫૪ કિલોમીટર દૂર હોનોલુલુ (હવાઈના ટાપુ) જે અમેરિકામાં આવેલા છે ત્યાં પહોંચવા માટે પ્લેન નવ કલાક અવકાશમાં ઉડશે.

આ નવ કલાકનો ગાળો જેમાં જપ થયા, વિશ્રામ થયો. બે કલાક બાકી હતા, ત્યારે ફરી બધી લાઈટો ચાલુ થઈ જેથી થોડું લેખનકાર્ય કર્યું.

નવ કલાકમાં બે વાર ફ્રૂટ ડીશ 'મા' માટે પણ આવી. પણ નિયમ પ્રમાણે ફળોની તે ડીશ ભક્તોએ પ્રેમથી આરોગી.

આજે બે ને ત્રીસ મિનિટ એટલે કે ૨।। વાગે ફળ—દૂધ લીધાં હતાં, ત્યારથી 'મા'ને નિર્જળા પ્રારંભ પામે છે. પ્લેનમાં ૧૯૮૮ થી યાત્રા વિદેશની ચાલે છે. પણ કદી પ્લેનમાં પાણી કે ફળ કે દૂધ કશું જ લેવાનું નથી બન્યું. હરિની જ એ રીત છે. 'મા'ને તો માત્ર આજ્ઞાંકિત બનીને સહજ રીતે પાળવાનું જ છે.

વિશ્રામ, લેખન, જપ—આ ત્રણ પ્રવૃત્તિ નવ કલાકમાં થઈ શકી.

લેખન ચાલુ હતું. ત્યાં જ શ્રી નીરૂબેન પોતાની સીટ ઉપરથી 'મા'ને મળે છે.



'મા' આ પ્લેનના એક ઍરહોસ્ટેસભાઈ મને ઊભી રાખીને આપના વિશે પૂછતા હતા. મેં એમની સાથે વાતો કરી.

પ્રશ્ન : આ સફેદ વસ્ત્રવાળાં કોણ છે? મને એમનું મુખમંડળ ખૂબ ગમે છે. તેમને જોતાં જ મને એવું લાગ્યું કે તેઓ પવિત્ર ને આધ્યાત્મિક વ્યક્તિ છે.

શ્રી નીરૂબેન : હા, એ અમારાં હોલીમધર છે.

તે ભાઈ : તેઓએ આજે નવ કલાકની યાત્રામાં કશું લીધું નથી ને સીટ ઉપરથી ઊઠ્યાં પણ નથી.

શ્રી નીરૂબેન : તેઓ ફળાહારી છે ને મૌન રાખે છે.

તે ભાઈ : હું પણ ધ્યાન કરું છું. મને પણ અધ્યાત્મક્ષેત્રે રસ છે.

શ્રી નીરૂબેન થોડી વાતો 'મા' વિશે વિશેષ રીતે કરે છે. પ્લેનને ઉતરવાનો સમય થઈ ગયો હતો. વાત ત્યાં પૂરી થાય છે. શ્રી નીરૂબેન 'મા' પાસે આવે છે.

'મા' એ જાણી એક અંગ્રેજીકાર્ડ મોકલે છે. જે કાર્ડમાં આધ્યાત્મિક લખાણ હતું.

અને સાથે ૩ સ્વરૂપ મોકલે છે. જે ગમે તે એ લઈ શકે. તો એ ભાઈ ખૂબ પ્રસન્ન થઈને જે સરસ હતું કર્પૂરવનનું સંનિધિ-પર્વનો બેજ તે જ તેમણે લીધો ને આભાર માન્યો.

એ ઍરહોસ્ટેસ ભાઈ હતા. એમનું નામ ડેરોણ હતું.

ક્યારે ક્યાં કોને શ્રી હરિ પોતાના પ્રકાશની ઝાંખી કરાવે તે કોણ કહી શકે!

જેનું દર્પણ થોડું પણ સ્વચ્છ હોય તે જ પ્રતિબિંબ થોડું પણ ઝીલી શકે.

એ જ રીતે આજે આજ પ્લેનમાં ફર્સ્ટક્લાસના વિભાગમાં એક ઍરહોસ્ટેસબેન કામ કરતાં હતાં. તે અચાનક 'મા' પાસે આવે છે.

'મા'ને પૂછે છે : આપ ભારતીય છો?

'મા' : હા.

તે બેન : ક્યાંના છો?

'મા' : ગુજરાતનાં.

તે બેન : હું આંધ્રપ્રદેશની છું. મને લાગે છે કે આપ કોઈ વિશેષ વ્યક્તિ છો. (નમસ્કારની મુદ્રામાં તે બેન હાથ જોડે છે.)

આ અમારા હોલીમધર છે.

તે બેન : હું એમની પાસેની સીટ ઉપર બેસી શકું?

મને આશીર્વાદ આપો. મને કેન્સર થયું છે. 'મા' સ્લેટમાં લખે છેઃ—

દરેક રોગ પ્રભુ પાસે પહોંચવાની આમંત્રણપત્રિકા છે.

શ્રી નીરૂબેન : તમે કયા ધર્મમાં માનો છો?

તે બેન : હું જીસસ ને મેરીમાં માનું છું.

મા લખે છે : જીસસે હસતાં હસતાં ને ક્ષમા કરતાં કરતાં સહન કર્યું.

રોજ પ્રાર્થના કરો.

તે બેન : હું રોજ પ્રાર્થના કરું છું. આ પ્લેનમાં મારો પુત્ર પણ મુસાફરી કરે છે તેને તમારી પાસે લાવું? તેને પણ આશીર્વાદ આપો.

અને તે બેન ઝડપથી તેના યુવાન પુત્રને ઉંઘમાંથી ઊઠાડીને લાવે છે.



તે બેન એ પુત્રને કહે છે પગે લાગ. આશીર્વાદ માગ. કંઈ પૂછવું હોય તો પૂછ.

અને તે યુવાન 'મા'ને હાથ જોડે છે. ત્યાં જ પાછા બેન પોતાના ફર્સ્ટક્લાસના વિભાગમાં ઝડપથી ચાલ્યાં જાય છે.

બે જ મિનિટમાં પાછા દોડતાં આવે છે. એના હાથમાં IN SKY Shoppingની બેગ છે. તે 'મા'ની બાજુની સીટ ઉપર મૂકતાં કહે છે, આ આપને માટે છે.

શ્રી નીરૂબેન : આપનું નામ?

તે બેન : મરીના.

શ્રી નીરૂબેન તેમને પણ સંનિધિપર્વના બેજ આપે છે. તે બેન ખૂબ ભાવવિભોર બનીને સ્વીકારીને પાછાં ફરજ ઉપર પહોંચી જાય છે.

ત્યાં તો પ્લેન લેન્ડ થઈ જાય છે. 'મા' જ્યારે પ્લેનમાંથી દરવાજેથી બહાર નીકળતાં હતાં ત્યારે એ બેન પાછા હાથ જોડીને 'મા' પાસે આવે છે. મા તેના ખભે હાથ થાબડી શુભેચ્છા પાઠવે છે.

ખ્રિસ્તીધર્મમાં માનનારો શ્રદ્ધાળુ વર્ગ પ્રાર્થનામાં તો વિશ્વાસ રાખે છે, પણ કોઈક એવી વ્યક્તિ પ્રત્યે સામેથી મનઅંતરમાં આકર્ષણ સહજ થતું હશે.

તો જ આવા જિજ્ઞાસુ સાધક, શ્રદ્ધાળુ પાત્રો ને શ્રી હરિ મોકલે ને સહાયક બને.

એના અનુસંધાનમાં અલાસ્કા યાત્રાના પેલા બસચાલક બેન શ્રી કેથી, યુરોપ યાત્રામાં બસચાલક શ્રી માઈક, અરે, સીડની યાત્રાના બસચાલક શ્રી બીલ, એડમન્ટન યાત્રાના બસચાલક શ્રી હીઝે અનેક વિદેશી પાત્રો 'મા'ને સામેથી મળતાં રહે છે.

સીડનીમાં યાત્રાની બસના શ્રી બીલ બસના ચાલક છે. તે તો 'મા' સાથે એવા ભાવથી વર્તે કે જાણે વરસોથી પરિચિત છે.

બસમાં જેવાં 'મા' ચઢે એટલે ખૂબ શુદ્ધ ઉચ્ચારમાં હાથ જોડીને કહે, 'મા', ગુડમોર્નિંગ.

'મા' પણ એને પ્રસન્નતાથી હાથ હલાવીને એનું અભિ-વાદન સ્વીકારે.

'મા' એને પણ પ્રસાદ આપે. ખૂબ ભાવથી તે સ્વીકારે.

વળી, બસ જ્યાં ઊભી રહે ત્યાં પાછો 'મા' પાસે આવે ને કહે, 'મા' ખૂબ થાક લાગ્યો?

ના.

અરે, માર્ગમાં સૌ બપોરનું ભાથું લેવા બેઠા. બીલને પણ એ ભાથું યાત્રીઓ સાથે લેવા કહ્યું.

તો બીલે પહેલો જ પ્રશ્ન પૂછ્યો, 'મા'ને નથી લેવાનું?

સાંજે જ્યારે યાત્રા પૂરી થાય ત્યારે પાછો બીલ બસની બહાર ઊભો રહે.

હાથ જોડે ખૂબ ભાવથી. 'મા' જેવાં ઉતરે એટલે જરા ઝૂકે (બુદ્ધના ભક્તો જે રીતે પ્રણામ કરે તે રીતે) તે ભાવથી કહે, 'મા' આપ કેમ છો? ગુડનાઇટ.

અને 'મા' પોતાની રીત મુજબ ફરી તેના ખભે હાથ થાબડે છે.

વિદાય વખતે તે ભાઈને આભારનો કાર્ડ અને ૫૦ ડોલર પણ પ્રસાદમાં 'મા' આપે છે. 'પ્રકાશના પંથે' અંગ્રેજીમાં પણ તેને મળી ગયું છે.

'મા' સાથે શ્રી બીલે હાથ જોડીને પોતાનો ફોટો પણ પડાવ્યો છે.



ક્યાં ક્યાં કેવી ધરતી ઉપર તારા ભક્તો વસે છે ને તેનો મેળાપ હે હરિ, આપ 'મા'ને કરાવો છો.

અહીં ભાષા નથી નડતી. નથી દેશ કે વેશ કે ન્યાત કે જાતનાં અંતર નડતાં.

માત્ર પરમતત્ત્વના વિશેષ પ્રકાશીત સુસંસ્કારોના જ માધ્યમથી સૌને સહજ રીતે શ્રી હરિ જ સહાયક થઈ રહ્યા છે. તેને 'મા' દ્રષ્ટાભાવે જોયા કરે છે.

છેક અજાણી વ્યક્તિ આ રીતે 'મા'ને કોઈ પણ પરિચય વિના સામેથી દોડીને મળતી રહે છે. કદાચ જેનો જેનો સમય થયો હશે તે તે આ રીતે સમીપનો ક્ષણિક સંગ માણતા હશે.

મરીના, ડેરોલ, જહોન, સીડ ને બીલ—પાંચ પાત્રો તો આ યાત્રામાં જાણે પોતાના વિશેષ સંસ્કારોનું દર્શન કરાવતા ગયા.

(ક્રમશઃ)

સ્થાવરજંગમ સર્વમાં, જોવું પ્રભુસ્વરૂપ;
કદા એવી શુભ ભક્તિનો, પામીશ લાભ અનુપ?
કામધેનુ—ચિંતામણિ,—સુરતરુ—સમ પ્રભુનામ;
કદા ત્યજીશ એ નામ જપી, ભય દુઃખ દોષ તમામ.

# ટૂંકા પ્રવાસમાં

યોગેશ્વર

સૌનેય છે જવાનું અંતે અલગ થવાનું,
વૃક્ષોતણી ઘટામાં સૌંદર્યની છટામાં;
કૂંજે વિહંગ ક્રીડે ને ક્રૌંચ વાયુ ગાયે,
બેસી પરબ પરે ત્યાં પાછા પથે જવાનું.

અશ્વત્થની સમીપે શાશ્વત સમયસુધી ના,
કોઈ શક્યું વગાડી વીણા નદી તટે આ;
ઘંટારવો પૂજારી સાહિત્ય ને પૂજાનું,
દીપક શિખા બધુંયે સ્મૃતિના ઉરે સમાયું.
મંદિર રહ્યું ન એવું આરાધના ન એવી,
છે કાળદેવતાએ ક્રીડા કરેલ કેવી?

સૌનેય છે જવાનું અંતે અલગ થવાનું,
ના કિન્તુ પ્રેમને કો સ્વાહા કરી જવાનું;
ટૂંકા પ્રવાસમાં જે સાથી મળે મળીયે,
તે સર્વને હૃદયથી ભાવે ભળી જમીયે.



# 'મા'નું વ્હાલું બાળ

પૂ. મા સર્વેશ્વરી

[પૂ. શ્રી માએ મુંબઈમાં એક ભજન લખ્યું હતું તેના શબ્દો છે : "વારે વારે કહું છું આજ, હું છું 'મા'નું સિંહણ બાળ." પૂ. મા લખે છે મુંબઈમાં અમે રોજ પ્રણામ કરતાં. તો બીજલબેન પણ સાથે પ્રણામ કરતી. બીજલબેનને સહજ રીતે નિમિત્ત કરીને આ ગીત લખાયું છે. એ પદમાં પૂ. 'મા'એ લખ્યું છે કે સહુના જીવનમાં પ્રશ્નો તો ઊભા થાય જ. પરંતુ સિંહણ બનીને ઉકેલો, બકરીની જેમ શા માટે બેસી રહેવું? કવિ શ્રી નર્મદની એક લીટી પૂ. માને વર્ષોથી ગમે છે : વિઘ્નઝાળની વચ્ચે વાટ, વીર નરોને લખી લલાટ.]

વારે વારે કહું છું આજ, હું છું 'મા'નું વ્હાલું બાળ.
વારે વારે કહું છું આજ, હું છું 'મા'નું સિંહણ બાળ.

ડરું નહીં કે ડગુ નહીં હું, પીછેહઠ પણ કરું નહીં હું,
શ્રદ્ધાભક્તિથી ચરણે રમું હું, આવે તેને પાર કરું હું. વારે વારે૦

રડું નહીં કે પડું નહીં હું, શસ્ત્રવિના પણ લડી લઉં હું,
ધરતી પર જો રાહ ન ભાળું, આકાશેથી મારગ કાઢું. વારે વારે૦

શત્રુ વચ્ચે હસતું રહું હું, શ્વાસે શ્વાસે સ્મરણ કરું હું,
જ્વાળામુખીમાં જલી ન જાઉં, જળ પ્રપાતમાં કદી ન ડૂબું. વારે વારે૦

દુઃખના ડુંગર ઉંચકી શકું હું, કારમા ઘાને ઝીલી શકું હું,
હરિની હૂંફે જીવી શકું હું, 'મા' છે સાથે માણી શકું હું. વારે વારે૦

વ્હાલ માનું અખંડ વહેતું, વરદ હસ્ત ને શિર પર ધરતું,
અંધકારમાં પ્રકાશ ધરતું, રણ મધ્યે વળી સુગંધ ધરતું. વારે વારે૦

'મા'ના વ્હાલથી સજ્જ થતું હું, 'મા' દર્શનથી ખીલી ઉઠું હું,
'મા'ની છાંયે ઉડી શકું હું, 'મા' શક્તિથી તરી શકું હું. વારે વારે૦

### પૂ. મા સર્વેશ્વરીના પિતાજી

# પૂ. શ્રી કાલીદાસભાઇ

**મા સર્વેશ્વરી**

(પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના આધ્યાત્મિક સંસ્કારોના સિંચનમાં એમના પૂ. પિતાશ્રી કાલીદાસભાઇનો ફાળો મહત્ત્વ-નો રહ્યો છે. એથી તો પૂ. માએ ''પોયણું પાંગર્યું'' પુસ્તકમાં પોતાના પૂ. પિતાશ્રીની વિશેષતાઓ બહુ જ સુંદર અને તટસ્થ-ભાવે રજુ કરી છે. એટલે એ બધુ જ લખાણ એક સાથે સમાવતાં, તે લાંબુ થઇ જાય તેમ હોવાથી, તેને બે ભાગમાં રજુ કરવા વિચારાયું છે. તેનો પ્રથમ વિભાગ અધ્યાત્મના જુલાઇ ૨૦૦૭ના અંકમાં મૂકીએ છીએ. આશા છે કે તે સહુને ગમશે.

**—તંત્રી**)

અમારા જીવનમાં સૌથી વિશેષ પ્રભાવ જો કોઇનો હોય તો તે અમારા પિતાજી શ્રી કાલિદાસભાઇનો છે. અમે સૌ એમને 'બાપુજી' કહેતાં.

(એક આદર્શ રાહબરરૂપે એમના જ શ્રી અંકે પ્રગટ થવાનું પરમ ભાગ્ય પ્રાપ્ત થયું એ પરમપૂજ્ય બાપુજીની વિશેષતાને વાગોળવાનું સત્કર્મ—યજ્ઞકર્મ હવે આ પૃષ્ઠો ઉપર પ્રારંભ પામશે.

બાપુજી બાળપણથી જ પ્રિય લાગ્યા. લાડ લડાવતા. વાત્સલ્યગંગામાં સદા સ્નાન કરાવતા. પિતાની પીઠ જાણે સમગ્ર સૃષ્ટિનું સામ્રાજ્ય ધરનારી હતી!

સમજતાં થયાં ત્યારથી બાપુજીનું સ્મરણ મધુર મંગલ જ



રહ્યું છે. નાનકડા સંતાન તરીકે કદાચ વહાલ વધુ પામ્યાં હોઇશું તેથી મધુર સ્મરણો જ મળ્યાં હશે.)

ઘરમાં બાપુજી જ સૌનાં નામ પાડતા. ભક્ત સમાજને ગામનાં સામાન્ય નામો કરતાં તે નામો અલગ ને અર્થસભર હતાં. સરોજ નામ પણ બાપુજીએ જ પ્રસાદી સમું આપ્યું છે. રામાયણમાં 'ચરણસરોજ' 'પદસરોજ' શબ્દ ઘણી વાર આવે છે તો તે શબ્દ જ પ્રિય લાગ્યો હશે.

કમળ જેવું સુંદર અલિપ્ત, દર્શનીય જીવનની પ્રેરણા સરોજ નામમાંથી જ બાપુજીને મળી હશે. નામ જાણે સતત જાગ્રત રાખવાની એક સીડી સમું છે.

પ્રભાત પિતાજીના મધુરકંઠે જ પ્રારંભ પામતું. ઋષિમુનિના આશ્રમનું જાણે તે પ્રત્યેક પ્રભાત હતું.

બાપુજીનો કંઠ મધુર હતો. ઘણું બધું કંઠસ્થ હતું. એટલે શ્લોકો, ભજનો, ચોપાઇ એમના શ્રીમુખેથી અનવરત વહ્યાં કરતાં.

બાળપણમાં પીઠ ઉપર ચઢીને પેલી સરોજ વાડામાં જતી. ત્યાં બાપુજીના જ અંકમાં બેસતી. શ્લોકો શીખવતા એ શિક્ષક—પિતાની એક જ વિદ્યાર્થી સાથેની શાળા જાણે સવારે જ શરૂ થતી!

શ્લોકો બોલાઇ જાય ત્યાં સુધી લાકડાં સંકોરતાં રહેવાનું, તાપતાં રહેવાનું, પછી શૌચક્રિયા માટે ઊઠવાનું. તે પતાવીને આવીએ એટલે વાડાની ટાંકીના નળે માટીથી હાથ ધોવાના ને બન્ને પગ પણ ફરજિયાત બાપુજી ધોવડાવતા.

સ્વચ્છતાની તાલીમ આપતા બાપુજી એમ કહેતા, ''જો પગ કોરો રહી જાય તો કળી પ્રવેશે!''

બાપુજી ઘોડાગાડીમાં સરસ કાવ્યપંક્તિઓ સમજાવતા, શીખવતા.

ભોજન માટે બેસે તો થાળીમાં જમણી બાજુ જ વાડકી, પછી જે જે ને જેટલાં શાક હોય તે, પછી જ રાઇતું. પછી ચટની ને પછી જ પાપડ મૂકતાં શીખવતા. ને પાણીનો પ્યાલો ડાબી બાજુ જ મૂકાવતા. પીરસતાં થાળીને વાસણ કે ચમચો ન અડવો જોઈએ એ વાત પણ શીખવતા. પાણીના પ્યાલાને હોઠે ના અડાડવો. પાણી અધ્ધરથી પીવાનું ને તે પ્યાલો પણ માંજી જ કાઢવાનો. આ બધી ભોજનસમયની ચોકસાઇ પિતાજીનો પ્રસાદ છે. પલાંઠીવાળીને શાંતિથી ઉતાવળ વગર પદ્ધતિસર ભોજન લેવાનું. બધું ભેગું ન કરવું. અલગ અલગ જ લેવું. ભોજન સમયે સબડકા ના બોલાવવા, આંગળાં પણ ના ચાટવાં. એઠું નહીં મૂકવાનું. ભોજન માટે બેસે ત્યારે જ ગરમ રોટલી વણવાની ને એક એક જ પીરસવાની એ રીતે દાળ પણ ગરમગરમ જ થોડી થોડી જ પીરસવાની. જેથી કોઇ એઠું ના છોડે ને અન્નનો બગાડ ના થાય. ઓ હો હો! કેટકેટલું બાપુજી શીખવતા! જાણે ભોજન કેમ લેવું તેની હાલતીચાલતી પાઠશાળા જ બાપુજી પોતે ન હોય! બાપુજી જાહેર સેવાક્ષેત્રની એક અગ્રગણ્ય વ્યક્તિ હતી. બાળપણથી ઘણી જ અવરજવર જોઇ છે. બાપુજીનો એક નિયમ. ઘરમાં કોઇ પણ આવે એટલે તેમને નમસ્તે કહેવાનું. પાણી આપવાનું ને પ્રેમથી બેસાડવાના. પછી તે જાણીતા હોય કે અજાણ્યા હોય, નવા હોય કે જૂના હોય, સ્નેહી હોય કે સંબંધી હોય, નાના હોય કે મોટા. સૌને પાસે જઇને હાથ જોડીને નમસ્તે કરવાના!

ઘરે રાનીપરજ એટલે કે આદિવાસી કોમના માણસો તો



આવતા જ પણ ગામના તલાટી, સરપંચ, પોલીસપટેલ, મામલતદાર કે નિશાળના નિરીક્ષકો કે ગામમાં શીતળા ટાંકનાર કે ડી. ડી. ટી. છાંટનાર, ગાયબળદની નાળ જડનાર મુસ્લિમ હોય કે આશ્રમમાંથી આવતા હરિજનો હોય તે સૌ માટે એ ઘર વિશ્રામગૃહ જ બની રહેતું અમે જોયું છે.

તે દિવસોમાં એવા કોઇ પણ માણસોને લોકો બાપુજીનું જ ઘર બતાવતા. પછી તે બંગડી વેચનારો ગુલાબ કાવરીવાળો હોય કે મરીમસાલા વેચનાર મોહન મારવાડી હોય. સૌને અહીં ભોજન મળતું પછી ૧૧ વાગ્યા હોય કે ૧ વાગ્યો હોય! અને રાતવાસો કરવો પડે તો ધર્મશાળાની જેમ ગાદલાં ઓશીકાં ચાદરો ઓઢવાનું સઘળું મળતું.

ભોજન માટે ઘણી વાર ધાર્યા કરતાં સંખ્યા વધી જતી છતાં બાપુજીને કોઇ ચિંતા ના થતી. એવો વિશ્વાસ કે બા એ બધું સંભાળી લેશે. આવનારાની જાતજાતની પરેજીવાળી રસોઇ બનાવવાનું કાર્ય પણ બાએ ઉપાડવું પડતું.

એકવાર તો અમે રજામાં ત્યાં હતાં. રાતે નવ વાગ્યે વેડછીથી શ્રી નારાયણ દેસાઇ (શ્રી મહાદેવભાઇના સુપુત્ર)ની ચીઠ્ઠી આવી. 'આવતીકાલે સવારે ૭ વાગે શાંતિસેનાના ૧૦૦ સભ્યો કપૂરા આવીને આગળ જશે.' બસ આ ચિઠ્ઠીનો હેતુ— અર્થ સમજતાં ક્યાં કોઇને વાર લાગે? રાતે સાત વાગ્યે મોડામાં મોડા બધા જ નોકરો ઘરે જતા રહે. સવારે ૧૦૦ સભ્યોને કંઇક તો આપવું જ પડે ને? તો આ સરોજ ને ગંગાભાભી રાતે દળવા બેઠાં. હાંડવાનું દળ્યું ને પલાળ્યું ને ચાર લાગ્યે હાંડવો અલ્પા-હારમાં અપાઇ પણ ગયાં. ચિઠ્ઠીનો અર્થ બાપુજીને કહેવો ના પડતો. સૌ જાણી જતાં, સમજી જતાં બાપુજીના નિયમને

આજ્ઞાંકિત બનીને પાળતા, અતિથિને આવકારવાની એ પ્રણાલિકાનું પૂર્ણપણે પાલન કરતા ને કરાવતા. આવનારા પણ સરસ રીતે ટેવાઈ ગયા હતા. સૌને એવો વિશ્વાસ કે કાકાને ત્યાં ઓટલો ને રોટલો બન્ને મળશે જ.

બાળપણથી એ ઘર જાણે વિવિધ જ્ઞાતિના, વિવિધ ક્ષેત્રના સભ્યોનું 'સંમેલન તીર્થ' સમું હતું. એમાં ભૂદેવો પણ આવતા તો તેમને માટે અલગ રસોઈ થતી. સૌને બાપુજી પણ ઊભા રહીને ધ્યાનથી–પ્રેમથી જમાડતા.

જાણે એ નાનકડું અન્નક્ષેત્ર હતું. હજારોને પરિતૃપ્તિ ધરનારું. હજારોની હાશ એ ક્ષેત્રને મળતી રહી. માતા અન્નપૂર્ણા બનીને સૌને દીપાવતાં રહ્યાં.

ઘરમાં ખેતીકામમાં દેખરેખ માટે ભૈયાજી રહેતા. અબદુલ્લા ભૈયાજી મુસ્લિમ હતા. હરિદાસ વળી સૌરાષ્ટ્રના હતા. ડાહ્યાભાઈ વળી વલસાડના હતા. જુદાં જુદાં સ્થળોના જુદી જુદી જ્ઞાતિના સૌ વારાફરતી રહ્યા પણ સૌની એકસરખી સંભાળ! તેમના ભોજનની થાળીમાં પંક્તિભેદ કદી ના થતો. દૂધ પણ તેમને ફરજિયાત આપવાનું જ. આખો દિવસ મજૂરો ઉપર દેખરેખ રાખે તો પૌષ્ટિક ખોરાક તો તેમને મળવો જ જોઈએ. એ આગ્રહ પણ બાપુજીનો જ હતો. દર મહિને સૂરતથી ગાયબળદ ને ઘોડાના પગે નાળ જડવા આવતા નાળબંધકાકા મુસ્લિમ હતા. તેમનો મુકામ બાપુજીને જ ઘેર રહેતો. તેમના ભોજનમાં પણ ફરજિયાત દૂધ મૂકવાનું જ. અતિથિ જેવા તે કાકા જાણે પરિવારના સભ્ય જેવી સર્વ સંભાળ પામતા.

તે દિવસોમાં કોઈ યાત્રાએ જતું તેવું સાંભળેલું ન હતું. બા, બાપુજીએ ચારધામ યાત્રા માટે પ્રસ્થાન કર્યું. તો ?આખું ગામ



વળાવવા આવેલું. વ્યારા સ્ટેશને પણ ઘણા બધા મિત્રો મળવા આવેલા. ચારધામ યાત્રાએથી આવીને ગામના દરેક ઘરે એક એક જગન્નાથજીનું પાત્ર વહેંચેલું. ગંગાજળ પણ ઘરમાં કબાટમાં રહેતું. કોઈનું પણ મરણ થાય એટલે સૌ અહીં ગંગાજળ લેવા આવતા. ગંગાજળનો મહિમા પણ રામાયણમાંથી પામ્યા હશે. બાપુજી પોતે ૧૫ વરસની ઉંમરે કાશી (બનારસ) સંસ્કૃતનો અભ્યાસ કરવા ઘરમાં કોઈને પણ કહ્યા વગર ઘર છોડીને પહોંચી ગયેલા ને બનારસ રહ્યા. મણિકર્ણિકા ઘાટ પર સંસ્કૃતમાં શાસ્ત્રચર્ચામાં પણ શ્રોતા બનવાનું સદ્ભાગ્ય પામ્યા હતા. એટલે પણ ગંગાજળનો મહિમા બાળપણથી એમના અંતરે વસ્યો હશે. નાનકડાં અમને એવી જ ખબર કે આ ગંગાજળ કોઈ ગુજરી જાય ત્યારે જ તેમના મોઢામાં મૂકવા માટે જ કામ લાગે. ગંગાજળનું નામ સાંભળવાનું ને ગંગાજળનાં દર્શન કરવાનું તો બાળપણથી એ રીતે પ્રાપ્ત થયેલું.

ગાંધીમેળામાં પણ બાપુજી દર વરસે સાવિત્રીબહેન સાથે અમને ફરવા લઈ જતા. એવી કોઈ ખાસ વસ્તુ તે ખરીદી આપતા તેવું યાદ નથી, પણ એક બે પુસ્તકો ને ખાદી ખરીદેલી એવું યાદ છે.

શાળામાં પ્રવાસો ગોઠવાતા તેમાં અમને બાળકોને પિતાજી અચૂક મોકલતા.

ચોમાસામાં અતિનિયમિત ભાગવત વાંચીને સમજાવતા. દર ચૈત્ર માસમાં નવાહન રામાયણપારાયણ કરતા. દરરોજ વિષ્ણુસહસ્રનામ સંસ્કૃતમાં મોઢે બોલતા. શ્લોકો ભજનો પ્રભાતની પ્રાર્થનામાં તેઓ ગાતા. ને ૐ નમો ભગવતે વાસુદેવાયની માળા મોટેથી બોલીને કરતા. અને આખો દિવસ

પણ નવરાશની પળોમાં ધાર્મિક ગ્રંથો, વિનોબાજીનું તેમ જ ગાંધીજીનું સાહિત્ય વાંચતા. બાપુજી જુદાં જુદાં ભજનો પણ શીખવતા તેમાં ગુજરાતી, હિન્દી, સિન્ધી ભજનો પણ હતાં.

તોરા મકાના આલા
જીત્થો કીત્થો વસી ભી તૂં.
હલો તો આસમાન વેખું, આગા હલી પસુ
આસમાન મીંડ્યો હી તારન, તારન તરન ભી તૂં.

એ ભજન આજે પણ યાદ છે. એનું કારણ પણ બાપુજીની જ તાલીમ હતી.

રેડિયો પર નિયમિત શાસ્ત્રીય સંગીત પણ બાપુજી સાંભળતા ને સવારે ભજનો પણ સાંભળતા. બાપુજીને રેડિયા પરનાં પદ ગમી જતાં તો તે ઉતારીને સંતાનોને પણ આપતા.

એમાંનું જ પદ આ રહ્યું. જે એમણે ૭૨, ૭૩ વરસની ઉંમરે સાંભળેલું ને ઉતારી લીધેલું.

વાળજે તું વાળજે
વેગ મનના વાળજે.

બાપુજીના જાહેર સેવાના ક્ષેત્રો વિવિધ હતાં :

વ્યારા તાલુકા કૉંગ્રેસ સમિતિના તેમજ મઢી સહકારી જીનના પ્રમુખ તો હતા જ.

પણ વ્યારા સહકારી જીન, મઢી સુગર ફેક્ટરી અને વ્યારાની સ્નેહકુંજ સોસાયટીના સર્જનમાં પણ બાપુજીનો સિંહ-ફાળો હતો. વેડછી ને મઢી આશ્રમના સક્રિય ટ્રસ્ટી હતા. વ્યારા તાલુકાના જંગલવિસ્તારમાં સહકારી મંડળીઓના સર્જનમાં પણ બાપુજીના જ પ્રાણવાન પ્રયત્નો હતા.



ખેતીવાડીક્ષેત્રે પણ નવા નવા પ્રયોગો કરવામાં પ્રારંભ કરનારા વ્યારા તાલુકામાં બાપુજી જ હતા. ખેતી માટે જંગલો ખરીદવાનો પણ શોખ હતો. ઘાટ, પીપલવાડા, ખરજઈ આ ત્રણ જંગલનાં ગામોને ખેતીલાયક બનાવવા તે યુગમાં પૂનાથી મુંબઈથી ટ્રેક્ટર ને બૂલડોઝર પણ લાવતા. એ ત્રણ ગામ જાણે બાપુજીની સર્વોત્તમ ખેતીની સ્વપ્નસૃષ્ટિ હતી. બાપુજીનો જીવન-નો યુવાની કાળ ખેતીની સમૃદ્ધિમાં ઘસાઈ ઊજળો થઈ ગયો.

અરે, મુંબઈથી ટ્રકભરીને ગાય ને વાછરડાં ખરીદીને લાવેલા. પશુધનને પ્રેમથી ઉછેરો, પાલન કરો ને ભારતના પશુધનનું જતન કરવાની, સેવા કરવાની એમની એક આગવી વિશેષતા હતી.

બાપુજીની એવી અનેકવિધ વિશેષતાને લીધે વિશેષ વ્યક્તિઓ પણ કપૂરા પધારતી.

શ્રી ગાંધીજી, શ્રી સરદાર, શ્રી વિનોબાજી, શ્રી કનૈયાલાલ મુનશી, વિઠ્ઠલભાઈ પટેલ, મોરારજી દેસાઈ, જીવરાજ મહેતા એવાં તો અનેક નામો ગણાવી શકાય. સૌ આતિથ્ય પામતા.

(ક્રમશઃ)

# સંચિત કર્મોનું પ્રાબલ્ય

**શ્રી મીનાબેન વોરા**

(શ્રી જગજીવન બાપુ આમ તો એક વૈદરાજની જેમ વ્યવહાર કરતા. માંદા માણસોના વ્યાધિ નિવારણ માટે તેઓ ભારેમાં ભારે કષ્ટ ઉઠાવતા. તેમને મન દર્દી એ નારાયણનું જ સ્વરૂપ. આમ છતાં તેઓ સાચે જ એક ઉચ્ચકોટિના આધ્યાત્મિક સંત હતા. તેમણે કેટલાંક વર્ષો માટે પોતાની કર્મભૂમિ ઉમરગામ ને આસ-પાસના વિસ્તારની બનાવી. જો કે તેઓ મૂળ સૌરાષ્ટ્રના.

અહીં જે પ્રસંગ રજુ કર્યો છે તે પોતાના અંતેવાસી સેવક શ્રી રાયચંદના જીવનનો છે. બાપા તેની આર્થિક સ્થિતિ સુધરે તે માટે સંકલ્પો ને પ્રયત્નો કરે છે, પરંતુ સાંસારિક જીવ તે સમજી શકતો નથી, તેનું કારણ તેનાં પૂર્વના કર્મોનું આવરણ છે, તે સાધકો માટે ખરે જ સમજવાની વાત હોવાથી રજુ કર્યો છે. આશા છે વાચકોને તે ગમશે. **—તંત્રી**)

એક દિવસ દામોદરભાઈએ વાતચીત દરમ્યાન ચાંદોદ મુકામે બાપુને કહ્યું, 'બાપુ, સંતજનો તો સેવકના પ્રારબ્ધના લેખ ઉપર મેખ મારી શકેને?' બાપુએ સમજાવ્યું, 'ભાઈ! દરેક વ્યક્તિના જન્મજન્માન્તરનાં સંચિત કર્મો ઉપર તેને પ્રાપ્ત થનારાં સુખદુઃખ-નો આધાર રહે છે. પ્રારબ્ધ કર્મ જો ખૂબ પ્રબળ હોય તો ક્યારેક સંતના આશિષથી તે હળવું બની શકે ખરું, અપવાદરૂપે કોઈક વિશિષ્ટ સાધકને નડતો અવરોધ દૂર કરવા સંત પોતાના શરીર પર તેનું દુઃખ ખેંચી લઈને ભોગવે. ક્યારેક તપોબળના પ્રભાવે ભક્તજનને પડનારી મુશ્કેલી તત્કાળપૂરતી દૂર હડસેલી પણ શકે. ભવિષ્યમાં બીજે જન્મે એ જ કર્મો એ વ્યક્તિએ ભોગવવાં પડે જ. કદાચ તેના દુઃખની માત્રા એ રીતે ઓછી બને ખરી!'



દામોદરભાઈએ પોતાના પ્રશ્નની વધુ સ્પષ્ટતા કરતાં જણાવ્યું, 'બાપુ! આ રાયચંદભાઈ આપનું સતત સાંનિધ્ય સેવે છે, સેવા તથા ભજનકીર્તન કરે છે, છતાં તેમની આર્થિક સ્થિતિ નબળી કેમ છે?' બાપુએ ફરી સમજાવ્યું, 'ભાઈ! સંચિત કર્મની અસર હોય છે. સેવા, ભજન અને અંતઃકરણની શુદ્ધિથી કર્મો કંઈક હળવાં બને, છતાં અધિકાર ન હોય તો સંતની કૃપાથી આવા જીવને કંઈક સાંપડ્યું હોય તોપણ તે ટકે નહી. ચાળણીમાંથી સરી જતાં જળ જેવી સાધકની દશા થાય! સંતના પ્રયત્નની ધારી અસર નીપજે નહીં.'

બાપુ હંમેશાં પોતાના કર્તાભાવનો સદંતર લોપ કરવા જાગ્રત રહેતા અને ભૂલેચૂકે જો એવી પરિસ્થિતિ સર્જાય તો અન્યને નિમિત્ત બનાવતા. પોતે તેના પુણ્યનો કદી જશ લેતા નહિ. રાયચંદભાઈના કિસ્સામાં બાપુએ સ્પષ્ટપણે દામાભાઈને જણાવ્યું, 'ભાઈ, શું થાય? આપણે રાયચંદભાઈને મદદરૂપ થવા જઈએ ત્યારે તેઓ મદદ ઝીલવા તૈયાર હોય તો ને?'

દામોદરભાઈને વિશ્વાસ પડે તેવો એક બનાવ થોડા જ દિવસમાં બન્યો. એ વખતે ચાંદોદની ધર્મશાળામાં જે ખંડમાં બાપુ રહેતા તેની બાજુના ખંડમાં અન્ય સિદ્ધપુરુષ નિવાસ કરતા. તેઓ રામાયણની ચોપાઈનો મુખપાઠ સતત કરતા રહેતા હોવાથી તેમને સહું 'રામાયણવાળા બાપુ' તરીકે ઓળખતા. તેમની સાથે મૌનમાં જ બાપુની વાતચીત થતી રહેતી.

રાયચંદભાઈને તેઓ દામાભાઈ તથા અન્ય ભક્તો સહિત નર્મદાકાંઠે લઈ ગયા. એક થાળી પરિચિત ભાઈને ઘેરથી લેવ-ડાવી. તેમાં પૂજાપારૂપે શ્રીફળ, ફૂલ તથા અગરબત્તી ખરીદીને રાયચંદભાઈને હાથમાં જળ રાખવા કહ્યું. રામાયણવાળા બાપુએ સ્પષ્ટપણે જણાવ્યું, 'રાયચંદ! સિદ્ધોના સંકલ્પ સત્ય ઠરે છે એ વાતમાં વિશ્વાસ તો છે ને?' રાયચંદભાઈએ હકારમાં ડોકું તો

હલાવ્યું. પણ આ શું થઈ રહ્યું છે, તે કાંઇ સમજાયું નહોતું. તેમને તો એમ કે નદીકિનારે પૂજાર્થે સહુ એકઠાં મળ્યા છે, એટલે સંકલ્પ કરાવે છે! રામાયણવાળા બાપુએ નર્મદામૈયાની વિધિપુરઃસર પૂજા કરાવી. ધૂપ–દીપ–પુષ્પ–નૈવેદ્ય સહિત અર્ઘ્યયુક્ત સામગ્રી ધરાવીને રાયચંદભાઇને આજ્ઞા કરી, 'હવે તારી પાસે આ એકમાત્ર થાળી જ બાકી રહી છે, તે નર્મદામૈયાને સોંપી દે, તો માતાજી તને સોનાની થાળી પાછી આપશે!' રાયચંદભાઇએ બાપુનો સહવાસ વર્ષોથી સેવ્યો હતો. પણ સંત આજ્ઞાનું મહત્ત્વ સમજ્યા નહોતા. અબુધજનની માફક તાર્કિક દલીલ કરતાં કહ્યું, 'થાળી નાખી દઉં, તો મિત્રને શું મોઢું બતાવું? જળમાં પધરાવેલી વસ્તુ પાછી મળે ખરી? વળી, થાળી જ જો સોનાની કરી શકો તો ઘરે ઘણી થાળી પડી છે, એ જ સ્પર્શમાત્રથી સોનામાં પલટી નાખોને. એમાં આ જ થાળીને નદીમાં ફેંકી દેવાનું કંઇ કારણ?' રાયચંદભાઇ એકના બે ન થયા. સંતે સમજાવટની નીતિ અપનાવીને અનુગ્રહ કરવા ખૂબ પ્રયત્ન કર્યો, પરંતુ જેમ જેમ સંતે તેમને સમજાવ્યા, તેમ તેમ તે ઉગ્ર થતા ગયા. રાયચંદભાઇને તો એમ લાગવા માંડ્યું કે તેઓ તેમની અછતની મજાક–ઠેકડી ઉડાડે છે. એટલે ક્રોધના આવેશમાં મિત્રને ઘેર ચાલ્યા ગયા.

રામાયણવાળા બાપુએ જગજીવનબાપુને જ્યારે વાત કરી ત્યારે દામોદરભાઇ ત્યાં હાજર હતા. બાપુએ દામોદરભાઇને કહ્યું, 'ભાઇ, તમે હંમેશા રાયચંદભાઇ વિશે કહો છો ને, પણ આ જુઓ, તેનાં સંચિત કર્મો તેને બીજું કંઇ સૂઝવા જ નથી દેતાં!'

ત્યારપછી બધા ભોજન માટે તૈયાર થયા. બાપુએ ફરી રાયચંદભાઇને યાદ કર્યા. 'રાયચંદભાઇ કેમ દેખાતા નથી?' કોઇકે કહ્યું, 'મિત્રને ઘેર સૂતા છે. એક ભાઇને બોલાવવા મોકલ્યા. આ સમગ્ર પ્રસંગે તેમના ચિત્તને ચગડોળે ચઢાવ્યું હતું, એટલે તેઓ ન આવ્યા. બાપુએ કહ્યું, 'ભાઇ, હમણાં કોઇને થાળી પીરસતા



નહિ. તેમને બોલાવી આવું,' સ્વયં બાપુ રાયચંદભાઇને બોલાવવા ગયા. બાપુએ તેમને કહ્યું, 'ચાલો, રાયચંદભાઇ! બધા વાટ જોઇને બેઠા છે. જમવા ચાલો!' રાયચંદભાઇ તાડૂક્યા, 'મારું અપમાન થયું છે. હું નહીં આવું. મને ભૂખ નથી.' બાપુએ સમજાવતા કહ્યું, 'રાયચંદભાઇ! સંતોને તમારી અલ્પ, અજ્ઞાની બુદ્ધિના માપ વડે નહીં માપો. તેમના કથનમાં લેશમાત્ર અસત્ય ન હોય. એ સંકલ્પસિદ્ધ યોગીની આજ્ઞા પાળી હોત, તો તમારા ભાગ્યમાં આલેખાયેલી કઠણાઇની રેખા સમૂળગી ભૂંસાઇ ગઇ હોત!' આટઆટલી સ્પષ્ટતા કરવા છતાં રાયચંદભાઇએ જીદ ન છોડી, તે ન જ છોડી. તેઓ જમવા જવા તૈયાર ન જ થયા. બાપુ ફરીથી સમજાવતાં બોલ્યા, 'રાયચંદભાઇ! આજે વિશિષ્ટ સંજોગોમાં બોલાવવા આવ્યો છું હું! ચાલો સ્વયં ઈશ્વરનો મહાપ્રસાદ લેવા!' રાયચંદભાઇ ન ગયા તે ન જ ગયા. બાપુ પાછા આવ્યા. તેમણે કહ્યું, 'રાયચંદભાઇ તો રિસાણા છે. આનું નામ કરમની કઠણાઇ!' દામોદરભાઇને ઉદ્દેશીને બાપુએ જણાવ્યું 'આજનો આ પ્રભુનો પ્રસાદ રાયચંદભાઇએ લીધો હોત, તોપણ તેમને માટે ઉત્તમ યોગ હતો. હશે! ઈશ્વરેચ્છા!'

આ રીતે બાપુએ રાયચંદભાઇના ઐહિક કલ્યાણ માટે એટલે કે ભૌતિક સુખસમૃદ્ધિનો યોગ રચવાને માટે પ્રયત્નો કરી જોયા; પરંતુ બાપુ ક્યાં નહોતા જાણતા કે "આ મોહમય સંસારની અનિત્ય માયાજાળમાંથી જીવ જેટલો અલિપ્ત રહી શકે તેટલાં કર્મો ઓછાં બંધાય, એટલે આખરે તો ભૌતિક સમૃદ્ધિ કરતાં વધુ મહત્ત્વની બાબત તો સાત્ત્વિક ગુણવૃદ્ધિની જ ગણાય, આ કારણસર જ બાપુ પોતાના અંતેવાસીસમા ભાઈબહેનોનું આધ્યાત્મિક કલ્યાણ પ્રથમ વાંછતા.

# શ્રીવિષ્ણુસહસ્ર સમશ્લોકી

શ્રી યોગેશ્વરજી

વૃષાહી વૃષભો વિષ્ણુર્વૃષપર્વા વૃષોદરઃ।
વર્ધનો વર્ધમાનશ્ચ વિવિક્તઃ શ્રુતિસાગરઃ ॥૨૮॥

ધર્મપરાયણ, વહન કરો છો, તમે બધો સંસાર ખરે,
ધર્મતણાં સોપાન ચઢ્યાથી ભક્તો તમને પ્રાપ્ત કરે;
ધર્મમૂળ છો, જ્ઞાનપ્રેમને વધારનારા જગમાં છો,
વેદરૂપ છો, ત્યાગી જેવા, પ્રભુજી, અમને મંગલ હો!

સુભુજો દુર્ધરો વાગ્મી મહેન્દ્રો વસુદો વસુઃ।
નેકરૂપો બૃહદ્રુપઃ શિપિવિષ્ટઃ પ્રકાશનઃ ॥૨૯॥

કષ્ટસાધ્ય ને વીર તમે છો, ઉત્તમ વક્તા એક તમે,
ઈન્દ્રોના પણ ઈન્દ્ર, ધનંજય, સુખના દાતા પૂર્ણ તમે;
બહુરૂપી ને વિરાટ છો ને આત્મારૂપ પ્રકાશો છો,
યજ્ઞમહીં બલિરૂપ તમે તો, સૌના હૈયે હાસો છો.

ઓજસ્તેજોદ્યુતિધરઃ પ્રકાશાત્મા પ્રતાપનઃ।
ઋદ્ધઃ સ્પષ્ટાક્ષરો મન્ત્રશ્ચન્દ્રાંશુર્ભાસ્કરદ્યુતિઃ ॥૩૦॥

ઓજસતેજકાંતિના સ્વામી, પ્રકાશ સૌને દેનારા,
દુષ્ટોને મારીને સુખ ને સિદ્ધિ સૌને દેનારા;
પ્રણવરૂપ ને મંત્રરૂપ છો, ચંદ્રજેમ અમૃતમય છો,
સૂર્યસમાન મહાતેજસ્વી, કોટિ પ્રણામ તમને હો!



અમૃતાંશૂદ્ભવો ભાનુઃ શશબિન્દું સુરેશ્વરઃ।
ઔષધં જગતઃ સેતુઃ સત્યધર્મપરાક્રમઃ ॥૩૧॥

અમૃતમય કરનારા, અમૃત, સૂર્ય તેમ છો ચંદ્રપ્રકાશ,
વળી સુરેશ્વર ભયના ઔષધ, સેતુ તમે ભવજળના ખાસ;
સત્ય ધર્મ ને વીર્યમૂર્તિ છો, ચમત્કારથી પૂર્ણ તમે,
વિશ્વદેવ, તમને નેહેથી નમીયે લાખોવાર અમે!

ભૂતભવ્યભવન્નાથઃ પવનઃ પાવનોઽનલઃ।
કામહા કામકૃત્કાન્તઃ કામઃ કામપ્રદઃ પ્રભુઃ ॥૩૨॥

ભૂતભાવિના નાથ, વાયુરૂપ, પાવન, સ્વામી કામતણા,
માયાના નાશક છો અગ્નિ, ભર્યાકામના કાન્ત ઘણા;
ઈચ્છા પૂરી કરનારા છો, કામરૂપ સાચે જ તમે,
પ્રભુજી, તમને પ્રેમ કરીને, નમીયે લાખોવાર અમે!

યુગાદિકૃદ્યુગાવર્તો નેકમાયો મહાશનઃ।
અદશ્યોઽવ્યક્તરૂપશ્ચ સહસ્રજિદનન્તજિત્ ॥૩૩॥

યુગના કર્તા, યુગના ધારક, અનેકવિધ માયાભરિયા,
જગના નાશક, નિર્વિકાર ને નિરાકાર સુખના દરિયા;
હજાર દૈત્યોના છો જેતા, માયાના પણ છો સ્વામી,
નમીયે તમને પ્રેમ કરીને ખૂબ ખૂબ હે બહુનામી!

(ક્રમશઃ)

# રસેશ્વરી

(સપ્ટેમ્બર–૨૦૦૬ નું અનુસંધાન) **શ્રી યોગેશ્વરજી**

રાધા ચાલવા માંડી.

કૃષ્ણે લાગ્યું કે જાણે પોતાનું હૃદય પણ ચાલવા માંડ્યું.

એમનું મન સ્વસ્થ ના રહી શક્યું.

રાધાની અવસ્થા પણ એવી જ અનુરાગમય હતી. એ અવારનવાર પાછું વળીને જોયા કરતી અને ધીમેથી પગલા ભરતી.

સુપ્રિયાને રાધા આ પ્રદેશથી અજાણી છે. એને આવતી કાલે સહીસલામત લાવવાનું કામ તારું છે. એ ફરજ તારે બજાવવાની છે તેનું ધ્યાન રાખજે.'

સુપ્રિયાએ સસ્મિત જણાવ્યું:

'એ ફરજ મારી છે એ બરાબર છે અને હું રાધાની સાથે આવીશ પણ ખરી, પરંતુ એનું પ્રેરક બળ તો એના પ્રાણમાં પ્રગટેલો પવિત્ર પ્રેમ જ બની રહેશે. એ જ એના આત્માનું અખંડ આકર્ષણ કરશે ને એને પ્રકાશ ધરશે. હું તો નિમિત્તમાત્ર છું એટલું જ બાકી તો રાધા એની મેળે જ આવશે. આવ્યા વિના રહી જ નહી શકે.'

'એ પ્રેમ તો પરસ્પરનો છે.'

'એનો મને અનુભવ છે.'

સુપ્રિયા રાધા સાથે ચાલી નીકળી.

રસ્તે ચાલતાં એણે રાધાને કહ્યુ :



'રાધા, આજે તું કોઈક ધન્ય ગ્રહનક્ષત્રને નિહાળીને ઘેરથી નીકળી લાગે છે.'

'કેમ?'

'તારા આત્માને જ એ પ્રશ્ન પૂછી જો ને. એ જ શું એનો ઉત્તર નથી આપતો?'

'તોપણ... મને તારા શ્રીમુખથી સાંભળવાનું ગમશે.'

સુપ્રિયાએ પોતાના પૂર્વકથનના અનુસંધાનમાં જણાવ્યું.

'એના વિના આવું દર્શન ના થાય.'

રાધા બોલી:

' સાચું છે, સુપ્રિયા! એ દર્શન સાચેસાચ ધન્ય અને અત્યંત આનંદદાયક હતું. જીવનમાં એવું દર્શન કોઈક ધન્ય કાળે તથા ધન્ય સ્થળે જ થતું હોય છે. કૃષ્ણનું દર્શન કાંઈ જેને તેને ને જ્યારે ત્યારે નથી મળતું.'

'આજનો દિવસ ખરેખર મંગલ છે, રાધા! કૃષ્ણનું દર્શન તો થયું જ પરંતુ સાથેસાથે એનો પ્રેમ પણ પ્રાપ્ત થયો, એ કાંઈ નાની સરખી વાત છે?'

'જરા પણ નહીં. એ એક અસાધારણ બનાવ બની ગયો. મારું મન અને અંતર એને જોયો છે ત્યારથી એના પ્રત્યે આપો-આપ ખેંચાય રહ્યું છે. એ દ્રષ્ટિએ વિચારતાં એનું કૃષ્ણ નામ સાર્થક છે. પોતાના સુમધુર સ્વર તેમ જ સ્નેહથી એ સૌનું આકર્ષણ કરે છે — માનવનું, પશુપક્ષીનું, પાણીનું પવન તથા પ્રકાશનું ને વનસ્પતિનું. આપણાં અંતરોનું આકર્ષણ એણે કર્યું તો એમાં કશું આશ્ચર્ય નથી લાગતું. પરંતુ સુપ્રિયા તું કહી શકે છે કે મારું અંતર એના પ્રત્યે આટલું બધું કેમ ખેંચાય છે?'

સુપ્રિયા સસ્મિત કહેવા માંડીઃ

'એનો ઉત્તર હું કેવી રીતે આપી શકું? અને એના ઉત્તરની કશી આવશ્યકતા પણ છે ખરી? અંતર ખેંચાય છે એટલું પૂરતું છે. એ તારે ને મારે બંનેને માટે ઇચ્છનીય અને આનંદદાયક છે. એ આકર્ષણ ભલે અજરામર રહેતું. એની પાછળ કદાચ પૂર્વના કોઇક સ્નેહસંસ્કારો કામ કરતા હશે કે કોઇક નાનું મોટું બીજાું કારણ હશે.'

'એ આકર્ષણ ખરેખર અદ્ભુત છે. મારી આંખમાં, મારા મનમાં ને અંતરમાં કૃષ્ણ વિના કાંઇ રહ્યું જ નથી એમ કહું તો ચાલે. મારા શરીર તથા પ્રાણનું પ્રત્યેક પરમાણું કૃષ્ણ તરફ પ્રેમપૂર્વક ખેંચાઇ રહ્યું છે. આ આકર્ષણ અતિશય આહ્લાદક છે. એને લીધે આજનો દિવસ મારા જીવનનો ખરેખર ધન્ય દિવસ બની ગયો. મહામૂલ્યવાન દિવસ બની ગયો.'

કૃષ્ણની અવસ્થા પણ એવી જ અનુરાગમય હતી. રાધાના વિદાય થયા પછી એ જ્યાં સુધી રાધા દૂર જતી દેખાઇ ત્યાં સુધી એની તરફ નેહભરેલાં નેત્રે નિહાળી રહ્યા ને પછી બળરામને ઉદ્રેશીને બોલ્યાઃ

'આજનો દિવસ મારા જીવનનો ખરેખર ધન્ય દિવસ બની ગયો.'

'કેમ?'

'આજે રાધાનો મેળાપ થયો માટે. રાધા જેવી રસમૂર્તિ કન્યા મેં પહેલાં કદી ક્યાંય પણ નથી જોઇ. એ એટલી બધી સુંદર અને આકર્ષક છે કે વાત નહિ.'

'તને રાધા ગમી?'



'ખૂબ જ ગમી. એ મારી આંખમાં જ નહિ, મારા અંતરમાં પણ વસી ગઇ. એ કેટલી બધી લાવણ્યમયી છે? એનો સ્વર મારી બંસીના સ્વર કરતાં પણ વધારે સુધામય છે. એની દૃષ્ટિ આત્માને પરમપ્રેમ અને અહ્લાદ આપે છે. એની ચાલ કેટલી બધી ચારુ છે? એ મધુતાની મૂર્તિ છે અને એનું બધું જ અતિશય મધુર. એને રાધા કહું એના કરતાં રસની ધારા કહું એ વધારે યોગ્ય લાગે છે.'

બળરામ કૃષ્ણ તરફ જોઇ રહ્યા એટલે કૃષ્ણે આગળ કહ્યુંઃ

'મારું અંતર કોણ જાણે એના પ્રત્યે આટલા બધા અસીમ આકર્ષણનો અનુભવ કેમ કરી રહ્યું છે? એ જાણે મારી સાથે ચિરકાળથી સંકળાયેલી હોય, મારી સમીપની સંબંધી હોય, એવું લાગ્યાં કરે છે. આ જન્મની પહેલાંના કોઇક જન્મમાં હું એને મળ્યો હોઉં, એની સાથે જ રહ્યો હોઉં, ને છેવટે કોઇ કારણે એનાથી છૂટો પડ્યો હોઉં, એવું થયા કરે છે. આવી અનોખી લાગણી શા માટે થઇ રહી હશે?'

'તેનું કારણ તારા હૃદયમાં પ્રકટેલો પ્રેમ છે.' બળરામે સ્પષ્ટીકરણ કરતાં કહેવા માડ્યું; 'પ્રેમ જાગે છે ત્યાં ને ત્યારે આવી લાગણી સ્વાભાવિક બની જાય છે.એ લાગણી સાચી જ છે એવું કોણ કહી શકે?'

'તોપણ મારું અંતર આકર્ષણનો અનુભવ તો કર્યા જ કરે છે. રાધાને મળવા માટે મારું મન આતુર છે. એના વિના મને બીજો કશો વિચાર જ નથી આવતો. મારી અંદર, બહાર અને આજુબાજુ એ જ ભમ્યા કે રમ્યા કરે છે.'

(ક્રમશઃ)